
સુરત મહાનગરપાલિકા

૨૦૨૫

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેસ પ્લાન

CAPABILITY ASSESSMENT FOR READINESS AND MUNICIPAL RESPONSE PLAN



SURAT : THE CITY THAT ALWAYS CARES

DISASTER MANAGEMENT
AND
PREPAREDNESS PLAN

☞ **પ્રકાશક** : **શાલિની અગ્રવાલ**
આઈ. એ. એસ.
મ્યુનિસિપલ કમિશનર

☞ **ઈમ્પ્લીમેન્ટેશન એન્ડ કન્સેપ્ટ** : **કમલેશ. બી. નાયક**
ડે. કમિશનર

☞ **માહિતી સંકલન** : **મો. ફૈયાઝ મો. અઝીમ ગાડીવાલા**
ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ

સુરત મહાનગરપાલિકા
સુરત– મહાનગર સેવા સદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત –૩૯૫ ૦૦૩.
ફોન
૨૪૨૩૭૫૦ થી ૨૪૨૩૭૫૬
૨૪૨૨૨૮૫ થી ૨૪૨૨૨૮૭
ફેકસ નં. ૨૪૫૧૯૩૫
સેન્ટ્રલ ફલડ કંટ્રોલ રૂમ
ફોન નં. ૦૨૬૧–૨૪૫૧૭૫૬
મો.નં. ૯૭૨૪૩ ૪૬૦૨૧
ફેકસ ૦૨૬૧–૨૪૫૧૭૫૫
વેબસાઈટ
www.suratmunicipal.gov.in
ઈ મેઈલ
commissioner@suratmunicipal.org

પ્રસ્તાવના

સુરત : અરબી સમુદ્રનાં કિનારે વસેલું શહેર જેનાં લગભગ મધ્યમાંથી તાપી નદી પસાર થતી હોવા ઉપરાંત શહેરના દક્ષિણ ભાગમાંથી વિવિધ ખાડી પસાર થાય છે. જે તમામ સમુદ્રને જઈ મળે છે. આ ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા શહેરમાં મુખ્યત્વે નદી પુર, ખાડી પુર, ભારે વરસાદ તથા વાવાઝોડા જેવી કુદરતી આફતોના કારણે આપત્તિજનક પરિસ્થિતિ સર્જાવાની શકયતા રહેલી છે. આની સાથે સાથે **''SURAT : The city that always cares''** ના સુત્રને સાકારીત કરતા સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે જીવન જરૂરીયાતની તમામ પ્રાથમિક ઉપરાંત આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાથી આ શહેરે વિકાસના ક્ષેત્રે પણ હરણફાળ ભરી છે. શહેરના આ વિકાસ સાથોસાથ થતા વસ્તી વધારાના કારણે વિવિધ કુદરતી આફતો તેમજ **Epidemic** (રોગચાળા) જેવી તેમજ પ્રર્વતમાન **Global Warming** અને **Climate Change** ના કારણે આપત્તિજનક પરિસ્થિતિ ઉભી થવાની સંભાવના પણ રહેલી છે.

આ સંદર્ભે '' **Precaution is better than cure** '' ની ઉકિતને લક્ષમાં રાખી સુચારુ આપત્તિ વ્યવસ્થાપન યોજના અંતર્ગત, આપત્તિ પહેલા પુર્વ તૈયારી, આપત્તિ દરમ્યાન એટલે કે આગાહી મળી હોય તેવા તાકીદના સમયે અને આપાતકાળ દરમ્યાન–બચાવ અને રાહત કાર્ય તથા આપત્તિબાદ– પુનર્વસનની કામગીરી લક્ષમાં રાખી, આફત અને તે પ્રત્યેના પ્રતિભાવ વચ્ચેના સમયને શકય તેટલો ઘટાડી શકાય અને તે થકી સંપતિ અને જાનમાલની નુકશાનીમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેવા શુભાશય સાથે સતત સને ૨૦૦૨ થી પ્રતિવર્ષ અદ્યતન માહિતી સાથે આ બહુહેતુક ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેસ પ્લાન તૈયાર કરવામાં આવી રહયો છે.

આ **Disaster Management and Preparedness Plan** કુદરતી આફતો અને રોગ ચાળો ન ફેલાય તે માટે આગોતરૂ આયોજન કરી અગમચેતીનાં પગલાં **''DO'S & DONT'S,''** પ્રાથમિક સારવારની વિગતોનો સમાવેશ કરવા સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા જયારે વિકેન્દ્રીકરણનો અભિગમ અપનાવવામાં આવેલ હોય, તેને અનુસરવા સાથે '' **Micro Level Planning**'' ના અભિગમને પણ ધ્યાનમાં રાખી આ મુખ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેસ પ્લાન ઉપરાંત ઝોનવાઈઝ – વોર્ડવાઈઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેસ પ્લાન પણ તૈયાર કરવામાં આવે છે અને તે થકી પાયાના સ્તર સુધીનાં કર્મચારીઓને જે તે સમયે પોતે શુ કાર્યવાહી કરવાની રહેશે તે બાબતો નિશ્ચિત કરી તે અંગેની તાલીમ પણ આપવાનું આયોજન કરવામાં આવે છે. તદઉપરાંત 'ઝાઝા હાથ રળીયામણા' ની ઉકિત યથાર્થ રીતે ચરિતાર્થ કરવા લોકભાગીદારી હેઠળ નગરજનોને સામેલ કરી તેઓને પણ વિસ્તૃત જાણકારી મળી રહે તે માટે મિટીંગ તેમજ તાલીમનું આયોજન કરવામાં આવે છે.

આ સમગ્ર આયોજન શહેરને ફળદાયી નીવડે તેવી અપેક્ષા

આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનને અધ્યતન બનાવવા માટેના આપના રચનાત્મક સુચનો આવકાર્ય છે.

શાલિની અગ્રવાલ આઈ.એ.એસ.
કમિશનર
સુરત મહાનગરપાલિકા

દક્ષેશ કિશોરભાઈ માવાણી
મેયર
સુરત મહાનગરપાલિકા

અનુક્રમણિકા

પ્રકરણ	વિગત	પૃષ્ઠ
૧	ડિઝાસ્ટર	૧
૨	સુરત મહાનગરપાલિકા ધ્વારા ગોઠવવામાં આવેલ વ્યવસ્થાતંત્ર	૩
	૧. વાવાઝોડા–ચેતવણી પ્રચાર તંત્ર મારફત વાવાઝોડા અંગે ભય–ચેતવણી પ્રસારણ માટેની રૂપરેખા	૪
	૨. પ્રાદેશિક હવામાન કેન્દ્ર, અમદાવાદ ધ્વારા ભારે સંકટ અંગેની ચેતવણીતંત્ર	૫
	૩. **Format for Cyclone Alert for Transmission througs CWCS**	૬
	૪. **General Terminology Used in Weather Bulletins**	૬
૩	સુરત શહેરની વરસાદ/પૂરની રૂપરેખા	૯
૪	પૂર અંગેની ચેતવણી માટે વગાડવામાં આવતા સાયરન અંગેની વિગત	૧૪
૫	પ્રિ–મોન્સુન કન્ટીજન્સી પ્લાન	૧૬
૬	પાણીજન્ય અને પાણી સંબધિત રોગ અટકાયત કામગીરી અંગેનો એકશન પ્લાન	૩૧
૭	વાહક જનિત રોગ અટકાયત માટેનો એકશન પ્લાન	૩૮
૮	એકસ્ટ્રીમ હીટ/ હીટવેવ / સનસ્ટ્રોક(લુ)	૪૩
૯	પ્રાથમિક સારવાર	૫૯
૧૦	પ્રિમોન્સુન કામગીરી કરવા બાબતની સ્થાયી સુચના	૬૫
૧૧	રેલ,વાવાઝોડાની પૂર્વ તૈયારી ભાગરૂપ ખાતા / ઝોનને અપાયેલી સ્થાયી સુચનાઓ	૯૨
૧૨	ખાડીપૂર : જાણકારી–વ્યવસ્થાપન	૯૪
૧૩	તાપી નદીપૂર સંરક્ષણ યોજના	૯૭
	ટેલીફોન યાદી	
૧૪	સંસદસભ્યશ્રી તથા ધારાસભ્યશ્રીના નામ તથા ફોન નંબર	૯૯
૧૫	મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીના નામ તથા ફોન નંબર	૧૦૦
૧૬	મહાનગરપાલિકાના સદસ્યશ્રીઓના નામ–સરનામા	૧૦૧
૧૭	સુરતમહાનગરપાલિકાના અધિકારીશ્રીઓના ટેલીફોન/ મોબાઈલ નંબર	૧૦૭
૧૮	સુરત મહાનગરપાલિકાના ઝોન કચેરીના સરનામા/ ફોન નંબર	૧૧૧
૧૯	સેન્ટ્રલ ફલડ ફોર કાસ્ટીંગ ઓર્ગેનાઈઝેશન (C.W.C.) ના અગત્યની સરકારી કચેરીઓના ફોન નંબર	૧૧૮
૨૦	સાઈકલોન વોર્નીંગ માટે મટિઅરોલોજીકલ ખાતાના અગત્યની સરકારી કચેરીઓના ફોન નંબર	૧૧૯
૨૧	ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકાની યાદી	૧૨૧
૨૨	રાજય કંટ્રોલ રૂમ, ગાંધીનગરના ફોન નંબર	૧૨૨
૨૩	જીલ્લા કંટ્રોલ રૂમ સુરતના ફોન નંબર	૧૨૩
૨૪	વિવિધ સરકારી /અર્ધસરકારી તથા ખાનગી સંસ્થાઓના કંટ્રોલ રૂમની વિગત	૧૨૫
૨૫	પોલીસ કમિશનર કચેરી, સુરતના ફોન નંબર	૧૨૭

પ્રકરણ	વિગત	પૃષ્ઠ
૨૬	હજીરા ઔદ્યોગિક એકમોના અધિકારીઓના નામ/સરનામા/સંપર્ક નંબરની વિગત	૧૩૧
૨૭	**SURAT FIRE BRIGADE MANPOWER STATUS LOCATION OF THE BOATS TO BE DEPLOYED IN THE CITY AREA DURING MONSOON.**	૧૩૪
૨૮	સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ બચાવ અને રાહત કામગીરીના સાધનોની તેમજ સુરત મહાનગરપાલિકા હસ્તકના જુદા જુદા ખાતાઓમાં ગોઠવણમાં આવેલ વાયરલેસ સેટ નેટવર્કની વિગત	૧૩૫
૨૯	ઝોન/ખાતા વાઈઝ તરવૈયાની માહિતી	૧૩૭
૩૦	બોટ/ક્રેઈન મેળવવા અંગેની ખાનગી સંસ્થાની વિગત	૧૪૫
	રાહત કામગીરી	
૩૧	નીચાણવાળા વિસ્તાર/ ઝોન વાઈઝ રીલીફ સેન્ટરની વિગત	૧૪૭
૩૨	ફુડ પેકેટ સપ્લાયર્સની વિગત	૧૬૯
૩૩	પાણીના ટેન્કરો ભાડે આપતી ખાનગી સંસ્થાઓના નામ/સરનામાની વિગત	૧૭૦
	પરિવહન અને ઈજનેરી કામગીરી	
૩૪	સુરત મહાનગરપાલિકાના વાહનો / મશીનરીઓની વિગત	૧૭૨
૩૫	વાહનો/મશીનરી કેઝયુઅલ કોન્ટ્રાકટથી ભાડે રાખવા માટેના સુચિત ભાડાના દરની વિગત	૧૭૫
૩૬	તાકીદના સમયે વાહનો, અર્થમુવર્સ જેવા ભારે વાહનો ભાડે આપતી ખાનગી સંસ્થાઓના નામ/સરનામાની વિગત	૧૭૬
૩૭	ડી–વોટરીંગ પંપ તેમજ જનરેટર સેટની ખાતા/ઝોન વાઈઝ વિગત	૧૭૮
૩૮	ફલડ ગેટની વિગત	૧૮૦
	સ્વૈચ્છિક સંસ્થાઓની વિગત	
૩૯	ખાતા/ઝોન વાઈઝ સ્વૈચ્છિક સંસ્થાઓના નામ/સરનામાની વિગત	૧૮૮
	અન્ય વિગત	
૪૦	**PROBABLE TIDE TABLE** ની વિગત	૨૦૧
૪૧	**અન્ય આફતો સમયે આટલુ જરૂર કરો** પૂર વિજળી ઝેર વાવાઝોડુ રોગચાળો દિપાવલી ભૂકંપ આગ મકરસંક્રાંતિ રાસાયણિક અને ઓદ્યોગિક આફત અકસ્માત પર્યાવરણ દુષ્કાળ એઈડ્સ સન સ્ટ્રોક	૨૦૪
૪૨	ઓગસ્ટ ૦૬: પૂર અસરગ્રસ્ત વિસ્તાર દર્શાવતો નકશો	૧૬
૪૩	સાયકલોન ઝોન હેઝાર્ડ મેપ: ગુજરાત રાજય	૧૭
૪૪	અર્થકવેક ઝોન એરીયા હેઝાર્ડ મેપ: ગુજરાત રાજય	૧૮
૪૫	ફલડ ઝોન હેઝાર્ડ મેપ: ગુજરાત રાજય	૧૯
૪૬	સેસ્મીક ઝોન ઓફ ઈન્ડિયા: મેપ	૨૦

પ્રકરણ –૧

DISASTER

Man-Made Disaster

War/Battles/Hostile enemy actions.

Arson/Sabotage/internal Disturbance/Riots etc.

Accidents of Vehicles,Trains, Aircraft, Ship etc.

Industrial accidents /explosions of boilers,gas cylinders or gas chambers,toxic/poisonous gas leakage,chemical spillage etc.

Fire caused due to human errors/ negligence

Nuclear Explosions / accidents etc.

Ecological disturbances like deforestations and its allied related problems like soil erosions, land slides,mud slides etc.

Natural Disaster

wind based

Storms, Cyclone, Tornados, Hurricane, Typhoon Stom Surge, Tidal Waves etc.

Water based

Flood,Drought, Cloud,Burst, Dam Burst, Excessive rains etc.

Seismic

Earthquake, Tsunamis, Avalanches Land Slides, Mud-slides, Volcanic eruptions etc.

Geo-thermal

Volcanic eruptions, Tsunamis etc.

Natural Heat

Bush Fire,Wild Fire etc.

Ecological

Flash Floods and related landslides, mud-slides,earth sinkings / cavings etc.

Epidemic


Water borne

Water related

Vector borne

Others

Action Plan For Operation




INSTRUCTIONS TO BE PASSED

- C.F.O. will pass instructions to
  (a) Dy.C.F.O.,& D.O.
  (b) All I/C Officers of the Fire Stations and will order them to take turn out immediately looking to the Situation.
- Inform Hydraulic Engineer for Constant supply of Water for fire fighting. He may inform to the filling station for the said purpose.
- Concerned Zonal officer for deployment of heavy machineries like Dozer, excavators and unskilled staff. if feels necessary.
- Inform NGOs for assistance
- Inform near by industries or providing machineries & manpower.
- Inform police dept.to maintain Law & order at the incident site.

NOTE : In case of large scale disaster either commissioner or Dy. Commissioner (Deputation) will command & control over the situation.

પ્રકરણ –૨

પૂર, ભારે વરસાદ, વાવાઝોડાની આગાહી તેમજ રોગચાળા
જેવી તાકીદની પરિસ્થિતિના સમયે
સુરત મહાનગરપાલિકા દવારા ગોઠવવામાં આવેલ વ્યવસ્થાતંત્ર



I

વાવાઝોડાં – ચેતવણી પ્રચાર તંત્ર મારફત વાવાઝોડાં અંગે ભય–ચેતવણી પ્રસારણ માટેની રૂપરેખા

.....ખાતેની હવામાન ખાતાની કચેરી તા. .....ના રોજ ભારતીય માનક સમય પ્રમાણે .....કલાકે બહાર પાડેલું વાવાઝોડા ચેતવણી બુલેટિન નં.....તા.....ના રોજ ભારતીય માનક સમય પ્રમાણે .....કલાકે .....(સ્થળ) થી લગભગ..... કિ.મી. ના અંતરે (.....દિશામાં) વાવાઝોડું ફુકાશે, જે વધુ તીવ્ર બનવાની અને.....દિશામાં ફંટાવાની શકયતા છે. આના પરિણામે.....(જિલ્લા) માં.....વાર,.....(તારીખ /સમય) થી ભારેથી અતિભારે વરસાદનાં છૂટાંછવાયા ઝાપટાં સાથે વ્યાપક પ્રમાણમાં વરસાદ થવાની શકયતા છે. ..... વાર, ...(તારીખ / સમય) થી આ જીલ્લાઓના દરિયાકાંઠેના વિસ્તારોમાં કલાકના .....કિ.મી સુધીની ઝડપે તોફાની પવન ફુંકાવા માડે તેવી શકયતા છે. આ દરિયાકાંઠા વિસ્તારોનાં માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવે છે.

Terminologis for Tropical Cyclone

The classification adopted by India Meteorollogical Department to classify such disturbances is based on maximum strength of sustained wind in the circulation.

Type of Disturbance	Associated wind speed
Low Pressure area	Less than 17kts.
Depression	17-27 kts.
Deep Depression	28-33 kts.
Cyclonic Storm	34-47 kts.
Sever Cyclonic Storm	48-63 kts.
Very Severe Cyclonic Storm	64-119 kts.
Super Cyclonic Storm	120 kts. and above

(1knot =1.85 kmph)

Expected Wind Speed	Expected Damage
60-90 kmph	Tree branches broken off, Some damage to kachchaa house
90-120 kmph	Tree uprooted, pakka houses damaged, Communication distrupted.
More than 120 kmph	Big tree uprooted; Wild spread damage to houses and installation. Total distruption of communication.

II

ભારે સંકટ અંગેની ચેતવણી અનુમોદન આપતા પત્રની નકલ
પ્રાદેશિક હવામાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા ભારે સંકટ અંગેની ચેતવણીતંત્ર
મારફત પ્રસારિત કરવા માટે તા.....ના રોજ ભારતીય સમય
પ્રમાણ .....કલાકે આપવામાં આવ્યું.

.....જિલ્લાઓ માટે વાવાઝોડાંની ચેતવણી દિનાંક .....રોજ ભારતીય સમયાનુસાર .....કલાકે, ...ની તે (સ્થળે), ...દિશા તરફ સુમારે કિલોમીટર દૂરી પર થયેલું વાવાઝોડું/અતિ ભારે વાવાઝોડું , સાગરનું તોફાન તીવ્ર સ્વરૂપ ધારણ કરીને.....દિશા તરફ જવાની શકયતા છે અને તે (દિવસ) .....દિનાંક.....(સમયે) દરિયાના કિનારાના સ્થળ / દરિયાપાર સ્થળ પર ત્રાટકવાની શકયતા છે.

ભરતીના મોજાંની ઊંચાઈ સામાન્ય મોજાની ઊંચાઈથી .....મીટર ઊંચા રહેવાની સંભાવના છે. તોફાન કાંઠો ઓળંગશે ત્યારે ભરતીના મોજા સામાન્ય ભરતીના મોજાથી.....મીટર ઊંચા હશે જે વિનાશકારી હોવાની સંભાવના છે. .....જિલ્લાઓને કાંઠે સામાન્ય ભરતીના મોજાંની ઊંચાઈ કરતાં .....મીટર ઊંચાં રહેશે. તેથી અગાઉ જણાવ્યા પ્રમાણેના જિલ્લાઓના કાંઠાના નીચાણવાળા વિસ્તારો પર પાણી ફરી વળવાની સંભાવના છે. કાંઠાનાં પ્રદેશનાં લોકોને સલામત ઉચાઈવાળા સ્થળે આશરો લેવા સલાહ આપવામાં આવે છે.

.....જિલ્લામાં પવનનો વેગ વધીને કલાકના .....કિ.મી. થવાની સંભાવના છે જેથી .....દરમ્યાન .....જિલ્લામાં મોટા વૃક્ષો મૂળમાંથી ઊખડી જવાની, મકાન–મિલકતોને તથા ઈમારતોને મોટું નુકશાન થવાની અને સંદેશાવ્યવહાર સંપુર્ણપણે ખોરવાઈ જવાની સંભાવના છે ..... જિલ્લામાં પવનનો વેગ કલાકના .....કિ.મી. નો થશે જે વૃક્ષો ઊખાડી નાંખશે અને પાકા મકાનોને નુકશાન પહોચાડશે. તેમ જ સંદેશા વ્યવહાર ખોરવાઈ જવાની સંભાવના છે.

.....જિલ્લામાં પવનનો વેગ કલાકના.....કિ.મી. નો થશે. વૃક્ષની ડાળીઓ તૂટી પડવાની અને કાચા મકાનને નુકશાન પહોંચવાની વકી છે.

અતિ ભારે વરસાદથી.....જિલ્લાઓમાં પૂર આવવાની સંભાવના છે..... જિલ્લાઓમાં ભારે વરસાદ થવાની સંભાવના જણાવવામાં આવે છે.....

વાવાઝોડાની ચેતવણી અંગેનું બુલેટિન ક્રમાંક.....અહી સમાપ્ત થાય છે.

III

Format for Cyclone Alert for transmission through CWCS

Cyclone alert bulletin No.1 issued by Met.Office_____ at _____hrs. IST. on_____(Date) Depression/Cyclonic Storm located about _____ km (Direction) of_____ Place at _____hours IST. of _____(Date) Likely intensify further and move in the _____ direction Under its influence widespread rain with scattered heavy to very heavy falls likely commence in_____ (District) fiom_____day_____(date / time) Gale wind speed reaching _____ day_____date/ time aaa Fishermen of_____coast are advised not go into sea.

IV
CYCLONE ALERT

CYCLONE ALERT NO. _____ ISSUED BY CYCLONE WARNING CENTRE AHMEDABAD _____ 1ST ON _____ (DATE) DEPRESSION / CYCLONIC STORM LAY _____ ARABIAN SEA CENTRED _____ HRS. 1ST _____ (DAY) _____ (DATE) CEN TERED AT LATITUDE _____ NORTH, LONGITUDE _____ EAST, ABOUT KMS _____ (DIRECTION) OF _____ (DIRECTION) LIKELY TO INTENSIFY FURTHER AND MOVE IN _____ (DIRECTION) UNDER ITS INFLUENCE WIDE SPREAD RAIN WITH SCATTERED HEAVY TO VERY HEAVY FALLS LIKELY COMMENCE _____ DISTRICTS FROM _____ (DAY) _____ (DATE/TIME) (F/NETC) GALE WINDS SPEED REACHING _____ KMPH LIKELY COMMENCE ALONG COASTAL AREAS OF _____ DISTRICTS

General Terminology used in Weather Bulletins

	Intensity of Rain fall In 24 hours	Terminology used
(1)	0.1 mm to 2.4 mm	Very Iight rain
(2)	2.5 mm to 7.5 mm	Light rain
(3)	7.6 mm to 34.9 mm	Light to Moderate rain
(4)	35.00 mm to 64.9 mm	Moderate rain
(5)	65.00 mm to 124.9 mm	Heavy rain
(6)	Exceeding 125 mm	Very Heavy rain

Special Distribution of Weather Phenomenon

	Percentage Area Covered	Terminology used
(1)	1 to 25	Isolated
(2)	26 to 50	Few places
(3)	51 to 75	Many Places
(4)	76 to 100	At most Places

SURAT MUNICIPAL CORPORATIOPN

TAPTI RIVER CATCHMENT AREA



SR. NO.	NAME OF SITE	TYPE OF SITE	STATE	CATCHMENT AREA (In Sq. Kms.)	DISTANCE DANGER FROM ORIGIN (In. Kms.)	LAVEL (In Meter)	TIME LAG (In Hours)
1	2	3	4	5	6	7	8
1	Teska	W.G.R	M. P.	1486	76	--	--
2	Lakhpuri	W.G.D.R.Q	Maha.	3560	128	--	--
3	Chikada	W.R	Maha.	Station			
4	Deltalai	W.G.D.R	M. P.	3860	200	--	44
5	Burhanpur	W.G.D.R.S.Q	M. P.	8487	241	220.90	36-37
6	Gopalkheda	W.G.D.R.S.Q	Maha.	9500	176	--	45
7	Yerli	W.G.D.R.S.Q	Maha.	16517	223	--	37-38
8	Hathnur	W.G.R.F	Maha.	29430	290	214.00	32
9	Bhusaval	W.G.D.R	Maha.	32478	306	185.32	31
10	Savkheda	W.G.D.R	Maha.				
11	Girma Dam	W.G.R	Maha.	4729	110	--	--
12	Dahigaon	W.G.R	Maha.	8599	202	--	31
13	Dhulia	W.G.D.R.S.Q	Maha.	1933	95	--	22-24
14	Gidhade	W.G.D.R.Q	Maha.	54750	420	137.77	18
15	Saran Kheda	W.G.D.R	Maha.				
16	Ukai	W.G.R.F	Gujarat	62225	595	105.15	8
17	Kakrapar	W.G.R	Gujarat	62826	624	53.66	7-8
18	Ghala	W.G.D.R.Q	Gujarat	63325	--	--	7
19	Surat	W.G.R.F	Gujarat	62973	708.88	9.50	6
	Nahru Bridge						

Note :
W = Wireless
S = Silt
D = Discharge
Q = Water Quality
G = Gauge
R = Rainfall

Appropriate Authority (Focal Officer)
The Superintending Engineer,
Surat Irrigation Circle,
Near M.T.B. College,
Athwa Lines, Surat.

Note :
Please see Chapter-20 for Telephone Nos.


REFERANCES

1	BASIN BOUNDARY
2	WIRELESS STATION STATE/CWC
3	RAILWAY LINE
4	NATIONAL / STATE HIGHWAY
5	DAM COMPLETED
6	DAM IN PROGRESS
7	DISTRICT / TALUKA HEAD QUARTER
8	DISTRICT BOUNDARY
9	STATE BOUNDARY

GOVT. OF GUJ. (NWRWS & K DEPT)
PLAN SHOWING THE RIVERS OF TAPI BASIN






Telemetry Stations under Central Water Commission Tapi Division, Surat On Tapi River Basin
LINE DIAGRAM OF RIVER TAPI ORIGIN (MULTAI, BETUL DIST .IN M.P)
UNDER UPPER TAPI
SUB DIVISION
BHUSAWAL.
TESKA
CHIKALDRA
SIPNA - R.
DEDTALAI
BURHANPUR
MONA - R.
BOKAD-R.
PURNA - R.
YERLI
GOPALKHEDA
lAKHPURI
Chiklod
SUKI-R.
HATHNUR { FORECAST STATION }
BHUSAWAL
MOR-R
Shegaon
UNDER MIDDLE TAPI
SUB DIVISION
DHULE.
VAGHUR - R..
GULI-R
GIRNA - R.
DAHIGAON
GIRNA DAM
SAVKHEDA
BORI - R.
ANER-
R
PANJHRA - R.
DHULIA
GIDHADE
BURAY - R.
ARUNAVATI-R
AMRAVATI - R.
SARANGKHEDA
Khetiya(Pansemal)
GOMAI-R.
Nandurbar
VAKI - R.
UNDER LOWER TAPI
SUB DIVISION
SURAT
Sagbara
NESU-R.
Nizampur(Dusane)
RANGAVALI-R.
UKAI { FORECAST STATION }
VER-R.
GHALA
SURAT
GULF OF CAMBAY ARABIAN SEA
Index
A-Type (only Rainfall)
B-Type (Gauge and Rainfall)
C-Type(Reserviors)
Full Climatic Station
Modeling Center

પ્રકરણ –3

સુરત શહેરનાં વરસાદ / પૂરની રૂપરેખા

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાની ૨૧'–૨૩' ઉત્તર અક્ષાંશ તથા સુરત શહેર ૨૦'–૧૫' અને ૭૨' – ૨૮' ઉત્તર અક્ષાંશ અને ૭૨' – ૭૮' અને ૭૪' –૨૩' પૂર્વ રેખાંશ અને ૭૨' – ૭૮ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે જેનો વિસ્તાર ૭,૬૫૧ ચોરસ કિલોમીટર છે. સને ૨૦૧૧ના સેન્સસ મુજબ સુરત જિલ્લાની વસ્તી ૪૯,૯૫,૧૭૪ છે. તે પૈકી સુરત શહેરનો વિસ્તાર ૪૬૨.૧૪૯ ચો. કિલોમીટર છે. અને ૨૦૦૧ના સેન્સસ મુજબ શહેરની વસ્તી ૨૮.૭૬ લાખ છે. અને ૨૦૧૧ના સેન્સસ મુજબ શહેરની વસ્તી ૪૬,૪૫,૩૮૪ છે.

કાકરાંપાર વિયર અને ઉકાઈ ડેમ તાપી નદી પર સને ૧૯૫૩ અને ૧૯૭૨માં બાંધવામાં આવેલ બે મોટા બંધો છે.

વાવાઝોડાનો ઈતિહાસ :–

સુરત જિલ્લાને ૮૩.૦૦ કિ.મી.ની લંબાઈમાં દરિયાઈ વિસ્તાર લાગેલો છે, આ દરિયાઈ વિસ્તારને ૨૬ ગામો આવેલા છે. જેની વસ્તી ૬૬,૭૮૧ છે તથા સુરત શહેરમાં વસ્તી ૨૪,૩૩,૭૮૫ છે. સુરત શહેર સમય અંતરે ભારે વરસાદનો અનુભવ કરેલા છે. પરંતુ નજીકના ભૂતકાળમાં વાવાઝોડાની કોઈ અસર થયેલી નથી. ઐતિહાસિક રેકર્ડને આધારે સને ૧૭૮૨માં મોટા વાવાઝોડાની અસર થઈ હતી અને બુરહાનપુરી ગેટ આગળ મોટી સંખ્યામાં જૂના અને નવાં મકાનોને ખુવારી થયેલી. મોટી સંખ્યામાં માનવ જાનહાનિ થયેલ હતી. તાપી બેટ તે સમયે વાવાઝોડામાં ડૂબી ગયેલાં તેને પરિણામે બેટ ઉપર સ્થાયી થયેલ ૨૦૦૦ માણસો મૃત્યુ પામેલાં અને દરિયા ખાતે ભારે નુકશાન થયેલુ. સને ૧૮૦૦ તથા ૧૮૭૨માં બીજું વાવાઝોડું સુરત ઉપર ત્રાટકેલું. વાવાઝોડાની અસર સુરતમાં ઓછી છે પણ સાવચેતીનાં પગલાં જરૂરી બને છે.

વરસાદની વિગત :–

ચોમાસાની ઋતુમાં સમય અંતરે સુરતમાં ભારે વરસાદ નોંધાયેલા છે. હવામાન ખાતાના અભ્યાસમાં તાપી નદીના પાણીમાં ભારે અવોપનને કારણે તાપી નદીના વિશાળ કેચમેન્ટ વિસ્તારમાં ઉપરવાસમાં વરસાદ થતાં ઓછા વરસાદે પણ ભારે પૂરની શકયતા રહે છે. અતિ ભારે વરસાદના કારણે પણ પૂર થાય છે.

સુરત મહાનગર પાલિકા શહેરી વિસ્તારમાં સને ૧૯૮૮ થી ૨૦૨૪ સુધીનાં વર્ષો દરમ્યાનમાં સીઝનમાં પડેલ કુલ વરસાદની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વર્ષ	સીઝનનો કુલ વરસાદ ઈંચ/દોકડા	સીઝનનો કુલ વરસાદ મિ.મી.
૧	૧૯૮૮	૯૬.૭૮	૨૪૪૮.૯૦
૨	૧૯૮૯	૨૮.૬૫	૭૨૭.૬૦
૩	૧૯૯૦	૪૨.૩૨	૧૦૭૪.૯૦
૪	૧૯૯૧	૩૨.૪૮	૮૨૫.૧૦
૫	૧૯૯૨	૮૫.૪૦	૨૧૬૯.૨૦
૬	૧૯૯૩	૫૨.૪૩	૧૩૪૬.૧૦
૭	૧૯૯૪	૮૨.૫૦	૨૦૯૫.૫૦
૮	૧૯૯૫	૫૩.૬૭	૧૩૬૩.૯૦
૯	૧૯૯૬	૪૪.૬૭	૧૧૩૪.૮૦
૧૦	૧૯૯૭	૪૦.૬૦	૧૦૩૧.૪૦
૧૧	૧૯૯૮	૫૬.૩૯	૧૪૩૨.૬૦
૧૨	૧૯૯૯	૩૭.૫૬	૯૫૪.૨૦
૧૩	૨૦૦૦	૩૦.૯૨	૭૮૫.૮૦
૧૪	૨૦૦૧	૪૬.૫૦	૧૧૮૦.૫૦
૧૫	૨૦૦૨	૪૪.૫૭	૧૧૨૯.૮૦
૧૬	૨૦૦૩	૬૬.૦૦	૧૭૩૦.૦૦
૧૭	૨૦૦૪	૭૭.૩૧	૧૯૬૨.૨૦
૧૮	૨૦૦૫	૭૪.૪૬	૧૮૯૪.૦૦
૧૯	૨૦૦૬	૫૫.૬૨	૧૪૧૮.૧૦
૨૦	૨૦૦૭	૭૬.૨૨	૧૯૪૦.૬૦
૨૧	૨૦૦૮	૫૭.૯૫	૧૪૭૫.૨૦
૨૨	૨૦૦૯	૫૭.૭૭	૧૪૭૭.૦૦
૨૩	૨૦૧૦	૭૨.૯૮	૧૮૫૪.૦૦
૨૪	૨૦૧૧	૪૦.૨૫	૧૦૧૮.૦૦
૨૫	૨૦૧૨	૩૬.૬૪	૯૨૭.૦૦
૨૬	૨૦૧૩	૮૪.૩૨	૨૧૩૫.૦૦
૨૭	૨૦૧૪	૩૮.૦૮	૯૬૬.૦૦
૨૮	૨૦૧૫	૪૩.૭૯	૧૧૦૮.૦૦
૨૯	૨૦૧૬	૩૭.૩૭	૯૪૯.૦૦
૩૦	૨૦૧૭	૫૩.૧૨	૧૩૨૭.૦૦

અ.નં.	વર્ષ	સીઝનનો કુલ વરસાદ ઈંચ/દોકડા	સીઝનનો કુલ વરસાદ મિ.મી.
૩૧	૨૦૧૮	૫૦.૯૨	૧૨૯૮.૦૦
૩૨	૨૦૧૯	૬૯.૯૧	૧૭૯૮.૦૦
૩૩	૨૦૨૦	૮૯.૬૪	૨૨૭૫.૦૦
૩૪	૨૦૨૧	૬૨.૨૭	૧૫૭૭.૦૦
૩૫	૨૦૨૨	૬૧.૯૭	૧૫૬૯.૦૦
૩૬	૨૦૨૩	૪૪.૩૫	૧૧૨૪.૦૦
૩૭	૨૦૨૪	૮૩.૯૬	૨૧૨૬.૦૦

સને ૧૯૬૮ની રેલ :-

સને ૧૯૬૮ માં તાપી નદીમાં મોટામાં મોટી રેલ આવી હતી, આ સમયે કાકરાપાર ખાતે થી ૧૫.૬૦ લાખ કયુસેકસ મહત્તમ પાણી છોડવામાં આવ્યું હતું. સુરત ખાતે તાપી નદીની મહત્તમ સપાટી ૧૦૩.૫૦ ની થયેલી હતી. આ પૂર સમયે દરિયાની ભરતી ૧૨ ફુટ જેટલી હતી. જેના કારણે પૂરની પરિસ્થિતિ લાંબો સમય રહેલી હતી. આ દરમ્યાન ઉકાઈ ખાતે ૩૦ કલાકમાં ૨૫ ઈંચ વરસાદ અને સુરત ખાતે ૧૫ ઈંચ વરસાદ નોંધાયેલો હતો. આ પૂરથી ૧૩૬૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પૂરના પાણી ફરી વળેલાં. જેને કારણે માનવ અને માલમિલકતની મોટી ખુવારી થયેલી હતી. તાપી નદી માંડવી, બૌધાન, કઠોર અને નાના વરાછા ખાતે કાંઠા ઉપરથી છલકાયેલી હતી. અમદાવાદ મુંબઈ બ્રોડગેઈજ લાઈન ઉપર સાયણ, ગોથાણ અને સુરત ખાતે પાણી ફરી વળયાં હતાં સુરત શહેર અને ઉધનાની ઔધોગિક વસાહતમાં વ્યાપક પ્રમાણમાં નુકશાન થયેલ હતું.

સુરત શહેર તાપી નદીના કિનારે વસેલું છે. તથા શહેરથી દરિયો ૧૫ કિ.મી. દૂર છે સુરત તાપી નદીના કિનારે વસ્યું હોઈ સુરત શહેર અગાઉનાં વર્ષોમાં વાવાઝોડું, પૂર જેવી કુદરતી આફતોનો સામનો કરેલાં છે. સુરત શહેરમાં અગાઉનાં વર્ષોમાં આવેલ પૂર જેવી હોનારતને પહોંચી વળવા માટે સુરત મહાનગરપાલિકા પૂર્વ તૈયારી રાખી અગમચેતીનાં પગલાં ભરેલાં હોય, કુદરતી આફતોથી થતાં નુકશાનથી સુરત શહેરને બચાવી શકાય.

૧૯૬૮ ની રેલ પછી પૂર સામે રક્ષણ માટે લાંબા ગાળાનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં

(૧) ઉકાઈ બંધ સને ૧૯૭૨ માં બાંધવામાં આવ્યો. તેનાથી ૮.૪૦ લાખ કયૂસેકસ પૂર નિયંત્રિત થયું

(૨) તાપી પૂર સંરક્ષણ યોજનાનો પ્રોજેકટ સને ૧૯૭૧ માં પ્લાનિંગ કમિશન દ્વારા મંજુર થયા બાદ સને ૧૯૯૩માં રિવાઈઝડ મંજૂર થયેલાં.

સને ૧૯૯૪, ૧૯૯૮ અને ૨૦૦૨ની રેલ :-

સને ૧૯૭૨ માં ઉકાઈ ડેમના બાંધકામ પછી અંશત પૂર નિયંત્રણ થયેલું અને સને ૧૯૯૪ માં ૫.૨૫ લાખ કયૂસેકસ અને સને ૧૯૯૮ માં ૭.૦૦ લાખ કયૂસેકસનાં પૂર આવેલા હતાં. સુરત શહેરમાં પૂરનાં પાણી પ્રવેશવાં માટેનાં મુખ્યત્વે કારણો સ્લુઈસ રેગ્યુલેટરોનાં બાકી કામો તથા છાપરાંભાઠા, વરિયાવ અને ટૂંકી ખાતે પાળાના અધૂરાં કામો હતાં.

સને ૧૯૯૮ ની રેલથી ૨૪૫ ચો.કિ.મી. વિસ્તારમાં ૨૩ ગામો અને ૧૪.૫૦ લાખની વસ્તીને નુકશાન થયેલ હતું. તે પૈકી સુરત શહેરનાં રાંદેર, કતારગામ, ઉમરાના વિસ્તારોને રેલની માઠી અસર થયેલી હતી. સને ૧૯૯૮ માં ૭ લાખ કયુસેકસ પૂર આવવાથી તાપી નદીના હોપ બ્રીજ ઉપર ૧૧.૪૦ મીટર (૧૦૧.૩૦ ફૂટ) ની પૂરની મહત્તમ સપાટી નોંધાયેલી હતી. સને ૨૦૦૨ માં ૩.૨૫ લાખ કયૂસેકસ પૂર આવવાથી તાપી નદીના હોપ બ્રીજ ઉપર ૮.૨૦ મીટર (૯૧.૯૪ ફૂટ) ની પૂરની મહત્તમ સપાટી નોંધાયેલ હતી. પૂરની પૂર્વ તૈયારી માટે પૂરસપાટી વ્યવસ્થા અને તકેદારીનાં પગલા લેવાં એ આવશ્યક છે. આમાં પૂરનાં જોખમનું સર્વેક્ષણ અને ભયજનક વિસ્તારનાં નકશાઓ તૈયાર કરવાની બાબતનો સમાવેશ થાય છે.

ઓગષ્ટ – ૨૦૦૬ (૬-૮-૨૦૦૬ થી ૧૧-૦૮-૨૦૦૬)ની રેલ :-

ઓગષ્ટ–૨૦૦૬ દરમ્યાન ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં થયેલ વરસાદી પાણીની આવકને કારણે ડેમમાંથી ખુબ મોટી માત્રામાં પાણી છોડવામાં આવેલ. જે અગાઉના વર્ષોમાં તાપી નદીમાં આવેલ પૂર દરમ્યાન બંધમાંથી છોડવામાં આવેલ પાણીના જથ્થાની માત્રાથી પણ વધુ એટલે કે ૬.૦ થી ૭.૫૦ લાખ કયૂસેકસ ૧૩ કલાક સુધી તેમજ ૮.૦ થી ૯.૫૦ કયુસેકસની માત્રામાં ૪૨ કલાક સુધી અવિરત છોડવામાં આવેલ જેનાં કારણે શહેરના ૩૩૪ ચો કિ.મી. વિસ્તાર પૈકી અંદાજે ૧૨૮ ચો.કિ.મી. વિસ્તારમાં પૂરની અસર થયેલ.

તાપી નદીમાં પૂરની વિગત

સુરત શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતાં શહેરનાં મધ્યમાંથી પસાર થતા તાપી નદીમાં રેલ આવવાની શકયતા રહે છે. ૧૯ મી સદીમાં સુરત શહેરમાં ૧૦ ભારે રેલો અને ૨૦ મી સદીમાં ૧૯ ભારે રેલોનું સાક્ષી બનેલ છે. આ રેલોએ માનવ અને મિલકતની ભારે ખુવારી સર્જેલ છે.

અ. નં.	વર્ષ	તારીખ અને મહિનો	નહેરૂ બ્રીજ (હોપ બ્રીજ) ખાતે મહત્તમ સપાટી (ભયજનક સપાટી–૯.૫૦ મીટર)	કાકરાપાર વિયર પર મહત્તમ સપાટી (ભયજનક સપાટી૧૭૬ ફુટ)	કાકરાપાર ખાતે ડિસ્ચાર્જ (લાખ કયૂસેકસમાં)
			મીટર)	–	–
૧	૧૮૭૬	૨૯મી ઓગષ્ટ થી ૫મી સપ્ટેમ્બર	૦૯.૬ ફૂટ	–	૦૭.૨૫
	૧૮૮૨	૧૨ મી સપ્ટેમ્બર	૯૭.૦૦ ફૂટ	–	૦૭.૪૦
૨	૧૮૮૩	૩૧મી જુલાઈ	૧૦૦.૧૦ ફૂટ	–	૧૦.૦૫
૩	૧૮૮૪	૯ મી સપ્ટેમ્બર	૯૮.૩૦ ફૂટ	–	૦૮.૪૬
૪	૧૮૯૪	૨૨ મી જુલાઈ	૯૭.૭૫ ફૂટ	–	૦૮.૦૧
૫	૧૯૧૪	૧૭ મી સપ્ટેમ્બર	૯૭.૦૦ ફૂટ	–	૦૭.૪૦
૬	૧૯૩૦	૩૦ મી સપ્ટેમ્બર	૯૭.૫૦ ફૂટ	–	૦૭.૪૦
૭	૧૯૩૩	૧૮ મી સપ્ટેમ્બર	૯૮.૦૦ ફૂટ	–	–
૮	૧૯૩૭	૧૦ મી સપ્ટેમ્બર	૯૬.૦૦ ફૂટ	–	૦૭.૦૯
૯	૧૯૪૨	૬ ઠ્ઠી ઓગષ્ટ	૯૮.૫૦ ફૂટ	–	૦૮.૬૦
૧૦	૧૯૪૪	૧૮ થી ૨૪ ઓગષ્ટ	૧૦૧.૦૦ ફૂટ	–	૧૧.૮૪
૧૧	૧૯૪૫	૨૪ ઓગષ્ટ	૧૦૧.૨૫ ફૂટ	–	૧૦.૨૪
૧૨	૧૯૪૯	૧૭ મી સપ્ટેમ્બર	૯૮.૨૫ ફૂટ	–	૦૮.૪૨
૧૩	૧૯૫૪		૯૬.૫૦ ફૂટ	૧૭૨.૮૦ ફૂટ	૦૭.૦૪
૧૪	૧૯૫૮	૨ જી સપ્ટેમ્બર	૯૭.૦૦ ફૂટ	૧૭૩.૦૦ ફૂટ	૦૭.૪૦
૧૫	૧૯૫૯	૧૭ મી સપ્ટેમ્બર	૧૦૧.૭૫ ફૂટ	૧૭૯.૨૦ ફૂટ	૧૨.૯૪
૧૬	૧૯૬૮	૬ ઠ્ઠી ઓગષ્ટ	૧૦૩.૫૦ ફૂટ	૧૮૭.૫૦ ફૂટ	૧૫.૬૦
૧૭	૧૯૬૯	૮ મી સપ્ટેમ્બર	૯૫.૭૫ ફૂટ	૧૭૪.૩૦ ફૂટ	૦૮.૫૬
૧૮	૧૯૭૦	૬ ઠ્ઠી સપ્ટેમ્બર	૧૦૦.૦૦ ફૂટ	૮૧.૦૦ ફૂટ	૧૩.૦૦
૧૯	૧૯૭૮	૩૧ મી ઓગષ્ટ	૦૮.૫૯ મીટર	–	–
૨૦	૧૯૭૯	૧૨ મી ઓગષ્ટ	૦૮.૨૨ મીટર	–	–
૨૧	૧૯૯૦	૨૫ મી સપ્ટેમ્બર	૯૪.૨૦ ફૂટ	૧૭૪.૮૦ ફૂટ	૦૩.૭૦
૨૨	૧૯૯૪	૮ મી સપ્ટેમ્બર	૧૦.૧૦ મીટર(૯૭.૬૪ ફૂટ)	૧૭૫.૮૦ ફૂટ	૦૫.૨૫
૨૩	૧૯૯૮	૧૬ મી સપ્ટેમ્બર	૧૧.૪૦ મીટર (૧૦૧.૩૦ ફૂટ)	૧૭૮.૯૦ ફૂટ	૦૬.૭૩
૨૪	૨૦૦૨	૭ સપ્ટેમ્બર	૦૮.૨૦ મીટર (૯૧.૯૪ ફૂટ)	૧૭૨.૪૦ ફૂટ	૦૩.૨૫
૨૫	૨૦૦૩	૧ લી ઓકટોમ્બર	૦૪.૪૦ મીટર(૭૯.૨૨ ફૂટ)	૧૬૪.૨૦ ફૂટ	૦૦.૩૫
૨૬	૨૦૦૬	૯ મી ઓગષ્ટ	૧૨.૦૭ મીટર (૧૦૬.૫૨ ફૂટ)	૧૮૨.૭૦ ફૂટ	૦૯.૯૧
૨૭	૨૦૧૨	૮ મી સપ્ટેમ્બર	૦૮.૮૮ મીટર	–	–
૨૮	૨૦૧૩	૨૪ મી સપ્ટેમ્બર	૦૯.૬૦ મીટર	૧૭૫.૪૦ ફૂટ	૪.૩૬
૨૯	૨૦૧૪	૮ મી સપ્ટેમ્બર	૦૪.૭૦ મીટર	૧૭૦.૦૦ ફૂટ	૦૨.૧૭

ખાડી પૂરની વિગત

અ.નં.	ખાડીનું નામ		ભયજનક સપાટી	મહત્તમ ફલડ લેવલ	તારીખ
૧	મીઠી ખાડી, (ડુંભાલ ટેનામેન્ટની સામે) (લિંબાયત ઝોન)		૯.૩૫	૧૦.૩૦ ૯.૪૫ ૮.૮૫ ૭.૬૦	૦૩–૦૮–૨૦૦૪ ૦૧–૦૭–૨૦૦૫ ૦૯–૦૮–૨૦૦૬ ૦૯–૦૯–૨૦૧૦
૨	ભાઠેના ખાડી (કિન્નરી ટોકીઝની સામે,પંપીગ સ્ટેશન નજીક) (લિંબાયત ઝોન)		૮.૨૫	૮.૮૫ ૮.૦૦ ૭.૪૦ ૬.૧૫	૦૩–૦૮–૨૦૦૪ ૦૧–૦૭–૨૦૦૫ ૦૯–૦૮–૨૦૦૬ ૦૯–૦૯–૨૦૧૦
૩	કાંકરા ખાડી	ઉધનાઝોન (જીવન જયોત બ્રિજ પાસે)	૮.૪૮	૬.૧૦ ૮.૧૦ ૮.૭૦ ૬.૨૦ ૬.૫૦ ૬.૬૫ ૭.૫૦	૦૩–૦૮–૨૦૦૪ ૩૦–૦૬–૨૦૦૫ ૦૯–૦૮–૨૦૦૬ ૧૨–૦૮–૨૦૦૮ ૨૨–૦૭–૨૦૦૯ ૦૯–૦૯–૨૦૧૦ ૨૫–૦૯–૨૦૧૩
		અઠવા ઝોન (રસુલાબાદ ભટાર)	૭.૯૬	૭.૩૭ ૬.૮૩ ૬.૯૦ ૫.૬૦ ૫.૮૯	૦૩–૦૮–૨૦૦૪ ૦૧–૦૭–૨૦૦૫ ૦૯–૦૮–૨૦૦૬ ૨૨–૦૭–૨૦૦૯ ૦૯–૧૦–૨૦૧૦
૪	ભેદવાડા ખાડી (બી.આર.સી. કવાટર્સ પાસે, દરગાહ નજીક)(ઉધના ઝોન)		૬.૭૫	૬.૨૫ ૮.૦૦ ૭.૫૦ ૮.૮૦	૧૧–૦૮–૨૦૦૮ ૧૬–૦૭–૨૦૦૯ ૦૯–૦૯–૨૦૧૦ ૨૫–૦૯–૨૦૧૩
૫	રેવાનગરની ખાડી (સુમન આવાસની પાછળ)(ઉધના ઝોન)		૮.૪૨	૯.૧૦ ૮.૧૦ ૮.૭૦ ૬.૨૦ ૬.૫૦ ૬.૬૫ ૭.૭૫	૦૩–૦૮–૨૦૦૪ ૩૦–૦૬–૨૦૦૫ ૦૯–૦૮–૨૦૦૬ ૧૨–૦૮–૨૦૦૮ ૨૨–૦૭–૨૦૦૯ ૦૯–૦૯–૨૦૧૦ ૨૫–૦૯–૨૦૧૩
૬	છાપરાભાઠા ખાડી (છાપરા ભાઠા ગામ નજીક)(કતારગામ ઝોન)		૭.૨૫	૧૧.૦૦ ૭.૭૪	૦૭–૦૮–૨૦૦૬ ૦૮–૦૯–૨૦૧૦
૭	વરાછા ખાડી (આકાર સ્પોર્ટસની પાસે)(વરાછા ઝોન)		૪.૦૦	૫.૦૦ ૧.૦૦ ૨.૦૦ ૧૦.૦૦	૧૬, ૧૭–૦૯–૧૯૯૮ ૦૬, ૦૭–૦૯–૨૦૦૨ ૦૧, ૦૨–૦૮–૨૦૦૬ ૦૯, ૧૦–૦૮– ૨૦૦૬
૮	કરંજ ખાડી(વરાછા ઝોન)		૪.૦૦	૩.૦૦ ૨.૦૦ ૧.૫૦ ૧૦.૦૦	૧૬, ૧૭–૦૯–૧૯૯૮ ૦૬, ૦૭–૦૯–૨૦૦૨ ૦૧, ૦૨–૦૮–૨૦૦૪ ૦૯, ૧૦–૦૮– ૨૦૦૬

DISCHARGE TABLE FOR SINGANPORE WEIR

WEIR CREST LEVEL – 6.0 MT R L

GATE TOP LEVEL – 5.0 MT R L

WEIR WATER LEVEL (mt.)	DISCHARGE CROSSING WEIR (CUSECS)
2.50	**2046.24**
2.60	2384.93
2.70	2723.62
2.80	3062.30
2.90	3400.99
3.00	**3739.68**
3.10	4148.93
3.20	4558.18
3.30	4967.42
3.40	5376.67
3.50	**5785.92**
3.60	6244.56
3.70	6703.20
3.80	7161.84
3.90	7620.48
4.00	**8079.12**
4.10	8587.15
4.20	9095.18
4.30	9603.22
4.40	10111.25
4.50	**10619.28**
4.60	11169.65
4.70	11720.02
4.80	12270.38
4.90	12820.75
5.00	**13371.12**
5.10	13970.88
5.20	14570.64
5.30	15170.40
5.40	15770.16
5.50	**16369.92**
5.60	16856.78
5.70	17343.65
5.80	17830.51
5.90	18317.38
6.00	**18804.24**
6.10	23044.90
6.20	27285.55
6.30	31526.21
6.40	35766.86

WEIR WATER LEVEL (mt.)	DISCHARGE CROSSING WEIR (CUSECS)
6.50	**40007.52**
6.60	43726.03
6.70	47444.54
6.80	51163.06
6.90	54881.57
7.00	**58600.08**
7.10	63927.36
7.20	69254.64
7.30	74581.92
7.40	79909.20
7.50	**85236.48**
7.60	91735.06
7.70	98233.63
7.80	104732.21
7.90	111230.78
8.00	**117729.36**
8.10	127438.42
8.20	137147.47
8.30	146856.53
8.40	156565.58
8.50	**166274.64**
8.60	172639.15
8.70	179003.66
8.80	185368.18
8.90	191732.69
9.00	**198097.20**
9.10	207178.27
9.20	216259.34
9.30	225340.42
9.40	234421.49
9.50	**243502.56**
9.60	253663.20
9.70	263823.84
9.80	273984.48
9.90	284145.12
10.00	**294305.76**
10.10	304960.32
10.20	315614.88
10.30	326269.44
10.40	336924.00

WEIR WATER LEVEL (mt.)	DISCHARGE CROSSING WEIR (CUSECS)
10.50	**347578.56**
10.60	359072.78
10.70	370567.01
10.80	382061.23
10.90	393555.46
11.00	**405049.68**
11.10	417157.78
11.20	429265.87
11.30	441373.97
11.40	453482.06
11.50	**465590.16**
11.60	478058.11
11.70	490526.06
11.80	502994.02
11.90	515461.97
12.00	**527929.92**
12.10	541174.03
12.20	554418.14
12.30	567662.26
12.40	580906.37
12.50	**594150.48**
12.60	607923.79
12.70	621697.10
12.80	635470.42
12.90	649243.73
13.00	**663017.04**
13.10	677319.55
13.20	691622.06
13.30	705924.58
13.40	720227.09
13.50	**734529.60**
13.60	749276.64
13.70	764023.68
13.80	778770.72
13.90	793517.76
14.00	**808264.80**
14.10	823597.49
14.20	838930.18
14.30	854262.86
14.40	869595.55
14.50	**884928.24**

પ્રકરણ –૪

સુરત મહાનગરપાલિકા
જાહેર વિનંતી
પૂર અંગેની ચેતવણી માટે વગાડવામાં આવતાં સાયરન બાબત

તાપી નદીમાં પૂર આવવાનું હોય ત્યારે જનતાને તેની સમયસર જાણ થાય તે હેતુથી નહેરૂ બ્રીજ હેઠળ નદીમાં પાણીની સપાટી ૭.૫ મીટર (૮૯.૪૨ ફુટ),૮.૫ મીટર (૯૨.૭૧ ફુટ) તેમજ ૯.૫ મીટર (૯૬.૦૦ ફુટ) પહોંચે ત્યારે સુરત મહાનગરપાલિકા તરફથી તેમજ નાગરિક સંરક્ષણ દળની કચેરી દ્વારા ઈન્સ્ટોલ કરવામાં આવેલ નીચે પ્રમાણે સાયરન એકસાથે વગાડવામાં આવશે.

૧. નદીમાં જયારે ૭.૫ મીટર (૮૯.૪૨ ફુટ) નું લેવલ થાય તે વખતે સળંગ એક મિનિટની સાયરન વગાડવામાં આવશે.
૨. નદીમાં જયારે ૮.૫ મીટર (૯૨.૭૧ ફુટ) (વોર્નિંગ લેવલ) નું લેવલ થાય તે વખતે અડધી મિનિટની સાયરન વગાડી અર્ધી મિનીટ બંધ રાખી ફરીથી અડધી મિનીટ સાયરન વગાડવામાં આવશે.
૩. નદીમાં ૯.૫ (૯૬.૦૦ ફુટ) નું ડેન્જર લેવલ થાય તે વખતે બે મિનિટ સુધી તુટક–તુટક સાયરન વગાડવામાં આવશે.

દરરોજ સવારે ૧૦.૩૦ કલાકે મહાનગરપાલિકા દ્વારા જે સાયરન વગાડવામાં આવે છે તે નિયમિત વાગશે.તદ ઉપરાંત જયારે જયારે પૂર આવવાની શકયતા ઉભી થશે તે વખતે સુરત મહાનગરપાલિકા તેમજ નાગરીક સંરક્ષણ દળની કચેરી દ્વારા ઈન્સ્ટોલ કરવામાં આવેલ સાયરન એકસાથે વગાડવામાં આવશે તદઉપરાંત પ્રચાર ગાડી મારફતે પણ પ્રચાર કરવામાં આવશે.

જરૂર પડે ઉપરોકત ચેતવણી લેવલ / ભયજનક લેવલની જાણ માટે વગાડવામાં આવનાર સાયરનથી જાહેર જનતા માહિતગાર થાય તે માટે તા. – – ના .....વારે રોજ સવારે ૧૦.૦૦ વાગ્યાથી નીચે મુજબ સાયરનો વગાડવામાં આવશે.

૧.	૭.૫ મીટર (૮૯.૪૨ ફુટ) નાં લેવલની જાણ માટે સવારે ૧૦.૦૦ વાગ્યે
૨.	૮.૫ મીટર (૯૨.૭૧ ફુટ) નાં લેવલની જાણ માટે સવારે ૧૦.૦૫ વાગ્યે
૩.	૯.૫ મીટર (૯૬.૦૦ ફુટ) નાં લેવલની જાણ માટે સવારે ૧૦.૧૦ વાગ્યે

તા. – – ના રોજ ફકત પ્રયોગ પૂરતી અને ભવિષ્યમાં જરૂર પડયે ત્યારે તે પ્રમાણે સાયરનો વાગે ત્યારે જનતાને તેનો ખ્યાલ રહે તે માટે જાણકારી પૂરતી જ આ સાયરનો ઉપર મુજબ વગાડવામાં આવશે.જેની નાગરિકોએ નોંધ લેવા વિનંતી છે.

વોર્નિંગ સાયરનોનાં સ્થળોની વિગત

નં.	સંચાલન કરનાર ફાયર સ્ટેશનનું નામ	ઝોન વિસ્તાર	વોર્નિંગ સાયરનનાં સ્થળોની યાદી	કુલ
૧	મુગલીસરા મુગલીસરા નવસારી બજાર નવસારી બજાર ધાંચીશેરી ધાંચીશેરી	સેન્ટ્રલ	મુગલીસરા ફા.સ્ટે., સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરત. જુની કલેકટર કચેરી નાનપુરા, બહુમાળી,સુરત. નવસારી બજાર ફાયર સ્ટેશન, નવસારી બજાર મેઈન રોડ, કડીવાલા હોસ્પીટલ, રૂસ્તમપુરા,સુરત ધાંચીશેરી ફાયર સ્ટેશન, ટાવર રોડ, સુરત. લાલદરવાજા સ્કુલ, લાલદરવાજા, સુરત.	૬
૨	ભેસ્તાન ભેસ્તાન ભેસ્તાન ભેસ્તાન ઉધના	ઉધના	ઉધના ઝોન કચેરી,સત્યનગર સામે,ઉધના રોડ ભેસ્તાન ફાયર સ્ટેશન, ભેસ્તાન, સુરત પાંડેસરા હેલ્થ સેન્ટર, પાંડેસરા, સુરત જુની ઝોન ઓફિસ, શૂન્ય રોડ, ઉધના, સુરત ઉધના ફાયર સ્ટેશન સુરત,રોડ નં.૬,ઉદ્યોગનગર,સુરત.	૫
૩	ડુંભાલ ડુંભાલ ડુંભાલ ડુંભાલ માનદરવાજા માનદરવાજા ડિંડોલી	લિંબાયત	નવી લિંબાયત ઝોન ઓફિસ,સુરત. ડુંભાલ ફાયર સ્ટેશન, ડુંભાલ, સુરત શાળા નં.૨૬૦, આચાર્ય પ્રહલાદ કેશવ પ્રા.શાળા,જુની ઝોનઓફીસ,લિંબાયત,સુરત. મારૂતી નગર,કનૈયાલાલ મુન્શી પ્રા.શાળા નં.૨૨૫/૨૩૬,લિંબાયત પો.સ્ટે.બાજુમાં,સુરત માનદરવાજા ફાયર સ્ટેશન,રિંગ રોડ,સુરત. આંજણા ફાર્મ, આંજણા,સુરત. ડિંડોલી ફાયર સ્ટેશન,પાણીની ટાંકી,અંબિકા સોસાયટી ખડવાસા રોડ સુરત.	૭
૪	મજુરા મજુરા મજુરા મજુરા ભીમરાડ વેસુ	અઠવા	અઠવા ઝોન ઓફિસ, આદર્શ સોસા.પાસે,અઠવાલાઈન્સ,સુરત. ઉમરા પ્રાથમિક શાળા,ઉમરા,સુરત. અગ્રસેન ભવન,સિટીલાઈટ રોડ,સુરત. મજુરા ફાયર સ્ટેશન, એલ.બી.થિયેટર પાસે,સુરત. ભીમરાડ ફાયર સ્ટેશન, ભીમરાડ ચેકપોસ્ટ સુરત. વેસુ ફાયર સ્ટેશન,હેલ્થ સેન્ટર,વીઆઈપી રોડ સુરત.	૬
૫	મોરાભાગળ મોરાભાગળ મોરાભાગળ અડાજણ અડાજણ અડાજણ પાલનપુર પાલનપુર પાલનપુર વરિયાવ	રાંદેર	રાંદેર ઝોન ઓફિસ,ન્યુ રાંદેર રોડ,સુરત. વિયર કમ કોઝ-વે,રાંદેર સાઈડ,સુરત. મોરાભાગળ ફાયર સ્ટેશન, ચાર રસ્તા પાસે, સુરત. અડાજણ પમ્પીંગ સ્ટેશન, નાગરીક સુવિધા કેન્દ્ર,સુરત. અડાજણ હેલ્થ સેન્ટર,અડાજણ સુરત. અડાજણ ફાયર સ્ટેશન, અડાજણ,સુરત. કૃષ્ણકુંજ સ્કુલ, BSNL ઓફિસની આગળની ગલી,અડાજણ,સુરત એલ.પી.સવાણી સોલીડ વેસ્ટ,પાલ,સુરત પાલનપુર ફાયર સ્ટેશન, ગૌરવપથ રોડ નાયરા પેટ્રોલપંમ્પની સામે સુરત. વરિયાવ ફાયર સ્ટેશન,સુરત	૧૦
૬	કતારગામ કતારગામ કતારગામ ડભોલી સીંગણપોર કોસાડ	કતારગામ	કતારગામ ઝોન ઓફિસ, ગજેરા સ્કુલ પાસે, સુરત કતારગામ ફાયર સ્ટેશન, કતારગામ,સુરત. વેડગામ પ્રાથમિક શાળા,મોટી વેડ રોડ,સુરત. ડભોલી ફાયર સ્ટેશન, બી.એ.પી.એસ.અક્ષરવાડીની સામે સુરત. સીંગણપોર પો.ચોકી,સુરત કોસાડ ફાયર સ્ટેશન, હેલ્થસેન્ટરની સામે કોસાડ રોડ સુરત.	૬
૭	કાપોદ્રા કાપોદ્રા કાપોદ્રા કાપોદ્રા કાપોદ્રા કાપોદ્રા કાપોદ્રા પુણા	વરાછા-એ	વરાછા ઝોન ઓફિસ, ભાતની વાડી,સુરત. વરાછા ફાયર સ્ટેશન, સુરત. મ્યુ.કોર્પો.સુમન સ્કુલ, મોહનની ચાલ,સુરત ડાહ્યાભાઈ સ્કુલ,કરજ,સુરત. સ્કુલ.૬૮-૭૦,બોમ્બે માર્કેટ,ઉમરવાડા,સુરત. પુણા ટેકરા ફળિયા, સંકલિત વોર્ડ ઓફિસ,સુરત. પુણા ફાયર સ્ટેશન,ડી-માર્ટ યોગીચોક સુરત.	૭
૮	મોટા વરાછા મોટા વરાછા સરથાણા	વરાછા-બી	મોટા વરાછા ફાયર સ્ટેશન, સુરત નાના વરાછા સ્કુલ,નાના વરાછા સુરત. સરથાણા ફાયર સ્ટેશન,સરથાણા જકાતનાકા હરેકિષ્ના કેમપ્સની સામે સુરત.	૩
૯	E.R.C કામરેજ		E.R.C કામરેજ ફાયર સ્ટેશન,સુરત.	૧

પ્રકરણ –૫

પ્રિ–મોન્સૂન કન્ટીજન્સી પ્લાન

સંભવિત ભારે વરસાદ,પુર તથા કુદરતી આફતના સંજોગોને પહોંચી વળવા માટે પ્રિમોન્સુન કામગીરી કરવા અંગે દર વર્ષે આપવામાં આવતી સ્થાયી સુચનાઓ

<u>તમામ વિભાગ/ ઝોન</u> ::

૧ જે જગ્યાએ ખોદકામ થયેલ છે તેના પર ટ્રેન્ચ પુરાણ કરવા માટે વ્યવસ્થિત સમયપત્રક તૈયાર કરવું. ખાસ કરીને મેઈન રોડ, વધુ ટ્રાફીકવાળા રોડ એ પ્રમાણે પ્રાયોરીટી નકકી કરી ટ્રેન્ચ પુરાણ / રીપેરીંગ કામગીરી ઝડપથી હાથ ધરી પૂર્ણ કરવી. **(All ZO/Ex.Eng.-RDD/Drng/Hyd.)**

૨ ડી–વોટરીંગ પંપો, જનરેટર સેટો તથા વાહનો/મશીનરી માટે બળતણનો જરૂરી સ્ટોક રાખવો. તેમજ તા.૧૫/૦૬/૨૦૨૪ સુધીમાં તમામ ઝોન કચેરી / ફાયર સ્ટેશન વગેરેને જરૂરી સ્ટોક પૂરો પાડવો.**(All ZO/Ex.Eng.Drng./Hyd/Workshop.)**

૩ ભારે વરસાદને કારણે ડ્રેનેજ લાઈન લીકેજ હોય કે પાણી પુરવઠાની લાઈન લીકેજ હોય તેના કારણે પીવાનું પાણી દૂષિત થતું હોય તો તે તાકીદે દૂર કરાવવા પગલાં ભરવા વધુમાં જે વિસ્તારમાં જયારે દૂષિત પાણી આવતું હોવાની ફરિયાદ મળ્યેથી તુરંત તે વિસ્તારમાં ટેન્કર દ્વારા પાણી પુરું પાડવું, કલોરિન ટીકડીઓનું વિતરણ કરાવવું અને મેડીકલ ટીમ મોકલવા જેવા આરોગ્ય વિષયક પગલાં લેવા. નવા સમાવિષ્ટ વિસ્તારમાં પણ આ મુજબની વ્યવસ્થા ગોઠવવી. **(All ZO/MOH/Drng/Hyd.)**

૪ ચોમાસાની સીઝન પહેલા તથા દરમ્યાન કરાવવાની રહેતી જરૂરી જે કોઈપણ કામગીરી તેમજ મટીરીયલ ખરીદી માટે એજન્સી નકકી કરવાની હોય તો તે અંગે ટેન્ડર કાર્યવાહી તાકીદે હાથ ધરવી. **(All HOD)**

૫ ગુજરાત ગેસ કું., રીલાયન્સ ટેલીકોમ, બીએસએનએલ, ટોરન્ટ પાવર સુરત ઈલે. કંપની લી., દક્ષિણ ગુજરાત વિદ્યુત બોર્ડ, તથા અન્ય એજન્સીઓ ધ્વારા કરવામાં આવતા ખોદાણ તા.૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવા તથા ઝોન વાઈઝ સર્વે કરાવી લીસ્ટ બનાવી સંબંધિત કંપનીઓને લેખિતમાં જાણ કરવી. તથા આ તમામ ટ્રેન્ચો પુરાણ કરી રીઈન્ટસ્ટેટ કરાવવાની કાર્યવાહી તા.૩૦–૦૫–૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરાવવી/કરવી. **(All ZO/Ex.Eng.-RDD/Drg/Hyd.)**

૬ ભારે વરસાદ, વાવાઝોડાના પ્રસંગે તાકીદના કામો માટે જરૂરીયાત મુજબ વાહનો, ચાવી અને ડ્રાઈવર સહિત તાત્કાલિક ઉપલબ્ધ થાય તે માટે વાહન નંબર, વાહનનો પ્રકાર, ડ્રાઈવરનું નામ–સરનામું, સંપર્ક /ટેલીફોન નંબર સાથેની યાદી તમામ ઝોન ઓફિસ તથા સંબંધિત ખાતાઓમાં તૈયાર રાખવી તથા તેની એક નકલ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને તા.૦૧–૦૫–૨૦૨૫ સુધીમાં મોકલી આપવી.(પત્રક–૧ મુજબ)**(All ZO/Ex.Eng.-Workshop/Concerned HOD/CFO).**

૭ પાણી તથા ગટર જોડાણ મેળવવા માટેની અરજીઓની આપેલ મંજુરીની અમલીકરણની કાર્યવાહી તા.૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવી.**(All ZO/Ex.Eng.Drng/Hyd.)**

૮ ભારે વરસાદના કારણે વીજળી પુરવઠો ખોરવાય તેવા સંજોગોમાં ડ્રેનેજ પંપીગ સ્ટેશન તથા જળ વિતરણ કેન્દ્ર ચાલુ રહે તે માટે ફાળવવામાં આવેલ જનરેટર સેટ ચાલુ હાલતમાં રાખવા અને તેની ક્ષમતા વાઈઝ સંખ્યાની માહિતી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટને (મધ્યસ્થ કચેરી) મોકલી આપવી.(પત્રક–૧૧ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(All HOD)**

૯ સમગ્ર ઝોન વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટેના ડી–વોટરીંગ પમ્પ,જનરેટર સેટ, પેટ્રોમેક્ષ, પોર્ટેબલ લાઈટ, દોરડા વિગેરે જરૂરી સાધન સામગ્રી નકકી કરેલ સ્થળે રાખવા વ્યવસ્થા કરવી. **(All ZO/Ex.Eng.Drng/Hyd.)**

૧૦ પુરની પરિસ્થિતિ સમયે બચાવ કામગીરી માટે તરવૈયા સરળતાથી મળી રહે તે માટે તરવૈયા તથા આવી સંસ્થાઓના નામ, સરનામા, ટેલિફોન નંબર વિગેરેની અદ્યતન યાદી તેમજ નવા સમાવિષ્ટ વિસ્તારના સ્થાનિક જાણકાર વ્યકિતઓની ટીમ બનાવી તેઓના નામ, સરનામાં, ફોન નંબર વિગેરે માહિતી તૈયાર કરી ઝોન કંટ્રોલમાં રાખી તેની નકલ તા.૦૧–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) તથા તમામ ઝોનલ ઓફિસરને મોકલી આપવી (પત્રક–૬ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં) **(All ZO/CFO/Hyd/Manager-Culture)**

૧૧ ભારે વરસાદ, પુરની પરિસ્થિતિ સમયે ફુડપેકેટની વહેંચણી થઈ શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવી. ફુડ પેકેટ સપ્લાયર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની અદ્યતન માહિતી તા.૧–૫–૨૦૨૫ સુધીમાં તમામ ઝોનલ ઓફિસર / ચીફ એકાઉન્ટન્ટ / ચીફ પ્રોજેકટ ઓફિસર (યુ.સી.ડી.)/મેનેજર–(સાંસ્કૃતિક)એ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ (મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.(પત્રક–૪ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(All ZO/CFO/ Ch.Acct /CPO (U.C.D.) /Food Safety Insp./Manager-Culture)**

૧૨ ભારે વરસાદ, પુરની પરિસ્થિતિમાં રોગચાળો ફાટી નીકળે તો તેવા સંજોગોમાં હોસ્પિટલ / હેલ્થ સેન્ટર માટે જરૂરી દવાનો સ્ટોક તથા જંતુનાશક દવાનો પૂરતો સ્ટોક રાખવો. ફોગીંગ મશીન રીપેરીંગ તેમજ જરૂર જણાયે નવી ખરીદીની કાર્યવાહી કરવી. આ ઉપરાંત મરેલા જાનવરો ઝડપથી ઉપાડવા અંગેની વ્યવસ્થા કરવી.**(DC(H&H)/MOH/All Dy.MOH/I/c Ex.Eng.-SWM/IO)**

૧૩ ઝોન કચેરી ખાતે વીજળી પુરવઠો ન ખોરવાય તે માટે જનરેટર / પેટ્રોમેક્ષ તથા ઈમરજન્સી લાઈટ ચાલુ હાલતમાં છે કે કેમ તેની ચકાસણી કરાવવી.**(All ZO)**

૧૪ જનરેટર સેટ તથા જરૂરી ઈંધણ ગ્રાઉન્ડ ફલોરથી પુર–૨૦૦૬ દરમ્યાનનાં **H.F.L** માર્કીંગથી ઉપરના ભાગે શીફટ કરાવવા ખાસ તકેદારી રાખવી.**(All ZO)**

૧૫ વર્ષાઋતુ દરમ્યાન તાકીદના જરૂરીયાતના સમયે કર્મચારીઓનો સરળતાથી સંપર્ક થઈ શકે તે માટે કેડર વાઈઝ તમામ અધિકારી/કર્મચારીઓના નામ– સરનામાનું લીસ્ટ તમામ ઝોન/ખાતામાં તૈયાર રાખવા તથા તેની એક નકલ ઓફિસ સુપિન્ટેન્ડન્ટ (મધ્યસ્થ કચેરી)ને તા.૦૧–૦૫–૨૦૨૫ સુધીમાં મોકલી આપવી. (પત્રક–૨ મુજબ)**(All ZO/HOD)**

૧૬ પ્રિ–મોન્સુન કામગીરી માટે રોજીંદા દરના બેલદારોની જરૂરીયાત ની સંખ્યા મહેકમ વિભાગને મોકલી આપવી.**(All ZO Ex.Eng.Drng/Hyd.)**

૧૭ ચોમાસાની સીઝન દરમ્યાન તાકીદના કામો માટે જુદી જુદી <u>માહિતી નિયત પત્રકમાં જ</u> જે તે ઝોન /ખાતાઓ ધ્વારા તૈયાર રાખી તેની નકલ તથા તેની સોફટ કોપી(પેન–ડ્રાઈવ)સહિત તા.૦૧/૦૫/૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)માં મોકલી આપવી.

૧૮ ગત વર્ષ ૨૦૨૪ માં તૈયાર કરવામાં આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં જો કોઈ સુધારો/સુચન કરવાના હોય તો તે નિયત પ્રફોર્મામાં તા.૦૧–૦૪–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)માં બિનચૂક મોકલી આપવી.**(All HOD)**

૧૯ ડ્રેનેજ/ સ્ટ્રોર્મ ડ્રેઈન/ પાણી વગેરે જેવા પ્રાથમિક સુવિધા /વિકાસનાં કામો માટે રસ્તા ખોદાણની કામગીરી તા. ૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરી સેઈફ સ્ટેજ પર લાવી દેવા ત્યારબાદ ખાસ કિસ્સામાં રસ્તા ખોદાણની જરૂરીયાત ઉભી થાય તો કમિશનરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.**(All ZO / Ex.Eng.Drng /Hyd)**

૨૦ સમગ્ર ઝોન વિસ્તારમાં વિવિધ સ્થળે મુકવામાં આવેલ ફલડ ગેટની જરૂરી સર્વિસ કરાવી ચાલુ હાલતમાં કરાવવા તથા આ ફલડ ગેટ કોણ ઓપરેટ કરશે તથા ફલડ ગેટ ચાલુ હાલતમાં છે તે અંગેનું પ્રમાણપત્ર તા.૧૫–૦૫–૨૦૨૫ સુધીમાં અચુક મોકલી આપવા. (પત્રક–૮ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં) **(All Zo/ Ex.Eng.HOE)**

૨૧ ડીવોટરીંગ પંપ તથા જનરેટર સેટ ઓપરેટીંગ માટે સર્વિસીગ કરાવી વર્કીંગ કન્ડીશનમાં રહે તે મુજબ વ્યવસ્થા કરવી તથા તેની લોગબુક વ્યવસ્થિત મેઈન્ટેન કરવી.**(All Zo/ Ex.Eng.Drng./Hyd)**

૨૨ મધ્યસ્થ કંટ્રોલ રૂમ ગત વર્ષની જેમ ICCC (ઉઘના મગદલ્લા રોડ) ખાતે તથા દરેક ઝોન ખાતે ઝોન કંટ્રોલરૂમ તા.૧ લી જૂનથી અથવા પહેલો વરસાદ પડે ત્યારથી શરૂ કરવો.**(MOH/ All ZO/CFO)**

૨૩ જે ખાતા/ ઝોનમાં માહિતીની આપ–લે માટે ફેકસ મશીન રાખવામાં આવેલ હોય તે તમામ ફેકસ મશીન તાકીદની પરિસ્થિતિના સમયે અવિરત ચાલુ રહે તે મુજબ રીપેરીંગ/ સર્વિસીંગ કરાવી લેવા તથા જરૂરી ફેકસ રોલ/ વધારાના કાગળનો પુરતો સ્ટોક રાખવો.**(All ZO)**

તમામ ઝોન ::

૧ ઝોનના તમામ ડેપો પર ઓછામાં ઓછી ૨૦૦૦ નંગ રેતીની ગુણ ભરી તૈયાર રાખવી.**(All ZO)**

૨ દરેક ઝોનમાં નકકી કરેલ રીલીફ સેન્ટરો પૈકી જે શાળાની જરૂરીયાત મુજબ મરામત કરવાની હોય તો તે તાકીદે કરાવવી તથા ટોઈલેટ બ્લોક, પાણીની સુવિધા, લાઈટની સુવિધા ચેક કરી જરૂર જણાય ત્યાં જરૂરી કાર્યવાહી કરી તેની માહિતી તા.૦૧–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.(પત્રક ૫ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(All ZO)**

૩ ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો કે જયાં પાણીનો ભરાવો થતો હોય તેવા સ્થળોની યાદી તૈયાર કરવા તેમજ તેવા સ્થળે પાણીનો ભરાવો ન થાય તે અંગે યોગ્ય પગલાં લેવા. તેમજ સમગ્ર ઝોન વિસ્તારમાં પાણીનો ભરાવો ભૂતકાળમાં થયેલ હોય તેની તથા તેના નિકાલ અંગે શું વ્યવસ્થા હતી તેની વિગતો મેળવી પાણી ભરાવાના નિકાલ માટે ટૂંકા / લાંબા ગાળાના બાકી આયોજન અંગે રૂપરેખા નકકી કરી તે મુજબ કાર્યવાહી કરાવવી.**(All ZO)**

૪ ભારે વરસાદ, નદીપુર તથા ખાડીપુરને કારણે ઝોન વિસ્તારમાં આવેલ નીચાણવાળા વિસ્તાર તથા તે સબંધિત નિયત રીલીફ સેન્ટરનાં લોકેશન ૪૨''× ૬૦'' સાઈઝનાં ઝોનમેપ ઉપર દર્શાવવાનાં રહેશે. તે સાથે રીલીફ સેન્ટરનાં લોકેશન, અસરગ્રસ્તની સંખ્યા, રીલીફ સેન્ટર ઈન્ચાર્જનું નામ તથા સંપર્ક નંબર / મોબાઈલ નંબરની વિગત દર્શાવતાં નકશા તૈયાર કરી ઝોન કંટ્રોલ રૂમ ખાતે રાખવાના રહેશે તેમજ તેની ત્રણ નકલ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) ખાતે મોકલવી.**(All ZO)**

૫ ઝોન વિસ્તારમાં આપત્તિજનક તાકીદના સમયે અસરગ્રસ્ત વિસ્તારમાંથી અસરગ્રસ્તોને જે તે રીલીફ સેન્ટર ખાતે સ્થળાંતર કરવા અંગેના ચોકકસ રૂટ નકકી કરવા.**(All ZO)**

૬ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વોટર રીચાર્જ માટે બનાવવામાં આવેલ રીચાર્જીંગ બોરવેલની સફાઈ કરાવીને વોટર રીચાર્જીંગ કાર્યરત રહે તેની ચકાસણી કરવી. **(All ZO)**

૭ જયાં વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય તેવા ઓપન પ્લોટનો સર્વે કરાવી તેવા ખાનગી પ્લોટના માલિક પાસે જરૂરી માટી પુરાણ કરાવવા તા.૧૫–૦૫–૨૦૨૫ સુધીમાં નોટીસ આપવી તથા આવા વિસ્તારોમાં પાણીનો ભરાવો ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવી. **(All ZO)**

૮ ભારે વરસાદના સમયે કચરો / કાદવ–કીચડ વગેરેની નિયમિત સફાઈ થાય તે માટે વ્યવસ્થા ગોઠવવી.**(All ZO)**

૯ સમગ્ર ઝોન વિસ્તારમાં આવેલ ખાડીઓ, નાળા, ગટરો વિગેરેની સફાઈ કરાવવી.**(All ZO)**

૧૦ સમગ્ર ઝોન વિસ્તારને કોમ્યુનિકેશન નેટવર્ક હેઠળ આવરી લઈ તે મુજબ વાયરલેસ સેટ તેમજ ટેલીફોન જોડાણો વિગેરે ઈન્સ્ટોલ કરવા અંગે વ્યવસ્થિત સ્થળ / મકાનની જરૂરી વ્યવસ્થા કરવી.**(All ZO/CPO-UCD)**

૧૧ ઝોન વિસ્તારમં ૫૦ થી ૧૦૦ ઘર દીઠ એક વોલન્ટીયર ખાસ કરીને સ્લમ વિસ્તાર માટે નકકી કરી તેઓને આફત સમયે સલામત સ્થાને સ્થળાંતર કરવા બાબતે તાલીમ આપવી.**(All ZO/CPO-UCD)**

તમામ ઝોન / ડ્રેનેજ વિભાગ / વર્કશોપ / હાઈડ્રોલિક ::

૧ સ્ટ્રોર્મ વોટર તથા બોક્ષ ડ્રેઈનની સાફસફાઈ કરાવવા તથા તેની કુલ લંબાઈ પૈકી કેટલી સફાઈ થઈ/કેટલી બાકી છે. તેની માહિતી રીવ્યુ દરેક મીટીંગમાં સામેલ પત્રક–અ મુજબ રજુ કરવી તથા અસરકારક સાફ સફાઈ થાય તે માટે ઘનિષ્ઠ સુપરવિઝન કરવું.**(All ZO/Ex.Eng.Drg.)**

૨ ઝોન વિસ્તારની તમામ વરસાદી કાચી તથા પાકી ગટરો તથા મેનહોલ,જાળીયા,ફાડચા (હાફ રાઉન્ડ પાઈપ),ઈન્લેટ ચેમ્બરની સાફ સફાઈ કરાવવી. તથા મેનહોલ / ગટરોના ઢાંકણા ન હોય/ તૂટી ગયા હોય તે બદલવા કામગીરી હાથ ધરવી તેમજ કાચી પાકી ગટરોનો સર્વે કરી તેની યાદી તૈયાર રાખવી. દર અઠવાડિયે તેની માહિતી સામેલ પત્રક–અ મુજબ મીટીંગમાં રજુ કરવી. **(All ZO/Ex.Eng.Drng.)**

૩ ઝોન વિસ્તારમાં જે સ્થળે પાણીનો ભરાવો થતો હોય, તેના નિકાલ માટે જરૂરી હોય ત્યાં કાચી ગટર ખોદાવવા કાર્યવાહી હાથ ધરવી.**(All ZO)**

૪ હેવી ડયુટી(મોટી સાઈઝ)ના ડી–વોટરીંગ પંપની જરૂરીયાત મુજબ ખરીદવા/ ભાડે મેળવવા કાર્યવાહી કરવી.**(Ex.Eng. Drng / Workshop)**

૫ જરૂરીયાતના સમયે ડી–વોટરીંગ પંપ ચાલુ હાલતમાં ઉપલબ્ધ થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરાવવા તથા ડી–વોટરીંગ પંપ કઈ સાઈઝના કેટલી સંખ્યામાં છે, તથા કઈ જગ્યાએ મુકવામાં આવેલ છે, તમામ પંપ ચાલુ હાલતમાં છે તેના પ્રમાણપત્ર સહિતની માહિતી તા.૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી. (પત્રક–૧૨ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(All ZO/Ex.Eng.Drng./Hyd)**

૬ સમગ્ર ઝોન વિસ્તારમાં પાણીના નિકાલ માટેના ડી–વોટરીંગ પમ્પ,જનરેટર સેટ, પેટ્રોમેક્ષ, પોર્ટેબલ લાઈટ,દોરડા વિગેરે જરૂરી સાધન સામગ્રી નકકી કરેલ સ્થળે રાખવા વ્યવસ્થા કરવી.**(All ZO)**

<u>તમામ ઝોન / રોડ વિભાગ / બ્રીજસેલ ::</u>

૧ ટ્રાફિકનાં વહનમાં તકલીફ ન પડે તે હેતુસર શહેર વિસ્તારના તમામ રસ્તાઓમાં પડેલ ખાડાઓ પુરાવવા કે તુટેલા રસ્તાઓ રીપેર કરાવવા.**(Ex.Eng- RDD/All ZO)**

૨ ભારે વરસાદના કારણે રસ્તા ઉપર પડતા ખાડા તાકીદે પૂરવામાં આવે તે માટે જરૂરી રોડ મટીરીયલ જેવા કે ઠંડો ડામર,મૂરમ, છારૂ, ગ્રીટ, મેટલ, બ્રીકસ, રેતી ભરેલી ગુણીઓ, ડીઝલ વિગેરની વ્યવસ્થા કરવાની રહેશે.**(Ex.Eng- RDD/All ZO)**

૩ ઝોન વિસ્તારમાં સ્થળોએ બ્રીજ, ફલાય ઓવર બ્રીજનાં, **ROB** નાં કામ ચાલુ હોય ત્યાં ટ્રાફિક સરળતાથી ચાલુ રહે તે મુજબ આજુ બાજુના રસ્તાઓ વ્યવસ્થિત લેવલીંગ રાખવા, લારી–ગલ્લાં વિગેરેના દબાણ ન થાય તે મુજબ પગલાં લેવા.**(Ex.Eng-Bridge Cell / All ZO)**

<u>તમામ ઝોન / શહેર વિકાસ ખાતું ::</u>

૧ શહેરમાં ચાલતા બાંધકામોનો માલસામાન રસ્તા વચ્ચેથી દૂર કરાવવા પગલાં લેવા તથા તે અંગે જરૂરી જાહેરાત સમયસર વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવી. સુચના આપ્યા બાદ પણ મિલ્કતદારો દ્વારા બાંધકામનો માલસામાન રસ્તા વચ્ચેથી દુર ન કરવામાં આવે તો તેવો સામાન દુર કરાવવા તથા વહીવટી ખર્ચ વસુલ કરવા કાર્યવાહી કરવી.**(All ZO/TDO)**

૨ ભારે વરસાદને કારણે તુટી પડે / બેસી જાય તેવી બિસ્માર મિલકતોનો સર્વે કરાવી તા.૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં તેની યાદી તૈયાર કરી તેની એક નકલ શહેરી વિકાસ અધિકારી (મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવા તથા તેવી મિલકતો ઉતારવા / સલામતીના ઘટિત પગલાં લેવા.**(All ZO/TDO)**

<u>તમામ ઝોન / હેડ વોટર વર્કસ / લાઈટ વિભાગ / ટાફિક ::</u>

૧ હાઈમાસ્ટ ટાવર/ સ્ટ્રીટ લાઈટના કવર ફીટીંગના રીપેરીંગ/ સાફ–સફાઈની કામગીરી કરાવવી.**(All ZO/Dy.Eng-St.light)**

૨ શહેરની સ્ટ્રીટલાઈટ માટે પોલ પરના જંકશન બોક્ષ અને સ્ટ્રીટલાઈટ **ON - OFF** કરવા માટેના **Programmable Control Penal** પુર–૨૦૦૬નાં **HFL** થી ઉપર ગોઠવવાની કામગીરી પુર્ણ કરવી.**(Dy.Eng-St.light)**

૩ ઈમરજન્સી/ તાકીદના સમયે જરૂરી સાધન સામગ્રી સહિત વાયરમેન મળી રહે તે માટેની વ્યવસ્થા ગોઠવવી.**(All ZO)**

૪ જનરેટર ભાડેથી મેળવવા ભાડાનો દર નકકી કરી એજન્સીના નામ, સરનામા, ફોન નંબર સહિતની માહિતી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.**(Ex.Eng.-HWW)**

૫ તાપી નદીની પાણીની સપાટી હોપપુલ, નહેરપુલ, સરદારપુલ, વિવેકાનંદ લો–લેવલ બ્રીજ, વિયર–કમ–કોઝવે તથા વિવિધ સ્થળોએ ખાડી પર બાંધવામાં આવેલ બ્રીજ પરથી જોઈ શકાય જે માટે જરૂરી લેવલ માર્કીંગનું રી–પેઈન્ટીંગ કરાવવાની તથા જરૂરી લાઈટની વ્યવસ્થા તા.૧૫–૦૬–૨૦૨૫ સુધી માં પૂર્ણ કરવી.**(Ex.Eng.-Traffic/Dy.eng.-St.Light)**

૬ ભારે વરસાદના કારણે વીજળી પુરવઠો ખોરવાય તેવા સંજોગોમાં તમામ ઝોન/ સંબંધિત ખાતા/ વિભાગની જનરેટર સેટ અંગેની ક્ષમતા તેમજ સંખ્યા અંગેની સંકલિત માહિતી/વિગતો કાર્યપાલક ઈજનેરશ્રી(સ્ટ્રીટલાઈટ)એ ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ (મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.(પત્રક–૧૧ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(Ex.Eng.- St-.Light)**

<u>તમામ ઝોન / વર્કશોપ વિભાગ / મહેકમ / ડ્રેનેજ/ હાઈડ્રોલિક વિભાગ / ફાયર બ્રિગેડ વિભાગ::</u>

૧ હેવી ડયુટી (મોટી સાઈઝ) ના ડી–વોટરીગ પંપ જરૂરીયાત મુજબ ખરીદવા / ભાડે મેળવવા કાર્યવાહી કરવી**(Ex.Eng.-Drng/ Workshop)**

૨ ડી–વોટરીંગ પંપ માટે ડીલીવરી પાઈપ (**Foot valve** સહિત) વિગેરે જરૂરિયાત મુજબ ઉપલબ્ધ થાય તે મુજબ વ્યવસ્થા રાખવી.**(Ex.Eng.- Drng /Workshop)**

૩ જરૂરીયાતના સમયે ડી વોટરીંગ પંપ ચાલુ હાલતમાં ઉપલબ્ધ થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરાવવા તથા ડી–વોટરીંગ પંપ કઈ સાઈઝના કેટલી સંખ્યામાં છે, તથા કઈ જગ્યાએ મુકવામાં આવેલ છે તમામ પંપ ચાલુ હાલતમાં છે તેના પ્રમાણપત્ર સહિતની માહિતી તા.૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી **(પત્રક–૧૨ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)(All ZO/Ex.Eng.Drng/Hyd)**

૪ ફાયર / વર્કશોપના સાધનો / વાહનો મેઈન્ટેનન્સ કરાવી વર્કીંગ કન્ડીશનમાં રહે તે મુજબ વ્યવસ્થા ગોઠવવી. **(CFO/Ex.Engr-Workshop)**

૫ તાકીદના સમયે અર્થમુવર્સ મશીનરી / ભારે વાહનો સરળતાથી મળી રહે તે માટે આવા કોન્ટ્રાકટર/ સંસ્થા વિગેરેના નામ, સરનામા, ફોન નંબર સહિતની (હજીરા પટ્ટીના ઓદ્યોગિક એકમો– અન્ય કોન્ટ્રાકટરો વિગેરે) માહિતી તા.૦૧–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.(પત્રક–૭ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(Ex.Eng-Workshop)**

૬ ઝોન વિસ્તારની સફાઈ માટે જરૂરી હંગામી સ્ટાફ, સાધનોની અને વાહનોની વ્યવસ્થા કરાવવી.**(Ex.Engr-Workshop/ PO-Est)**

<u>તમામ ઝોન /હાઈડ્રોલિક વિભાગ / હેડ વોટર વર્કસ / ડ્રેનેજ ::</u>

૧ ભારે વરસાદના કારણે પાણી પુરવઠો ખોરવાય જાય તે સંજોગોમાં ટેન્કરથી પાણી પુરૂ પાડવા વ્યવસ્થા કરવી. તેમજ મહાનગરપાલિકાના ટેન્કર કેટલા છે ? ભાડેથી ટેન્કર મળી રહે તે માટે આવા ટેન્કરો ભાડેથી આપતા હોય તેવા કોન્ટ્રાકટરોની યાદી તથા મહાનગરપાલિકાના અન્ય ઈજારદારો કે જેઓ પાસે આ પ્રકારનાં ટેન્કરો છે, તેની યાદી તેમજ તે માટે કોનો સંપર્ક કરવો, તેમનો ટેલીફોન નંબર વિગેરે સહિતની માહિતી દિન–૭ માં ઓફિસ સુપ્રિટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી. આ માટે સમગ્ર ઝોન વિસ્તારને પણ ખાસ આવરી લેવા.(પત્રક ૭ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં) **(Ex.Eng.Hyd)**

૨ પાળાની દિવાલો ચેક કરવી અને રીપેરીંગ અંગે ઘટિત કાર્યવાહી હાથ ધરવી. સરકારશ્રીને જાણ કરવાની જરૂર હોય તો પત્ર લખવો. અને સંબંધિત વિભાગમાં ફોલોઅપ કરાવવું.**(All ZO/Ex.Eng.Hyd.)**

૩ પ્રિ–મોન્સુન કામગીરી માટે રોજીંદા દરના બેલદારોની જરૂરીયાતની સંખ્યા મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલી આપવી. **(All ZO/Ex.Eng.Drg./Hyd.)**

૪ જરૂરીયાતના સમયે ડી–વોટરીંગ પંપ ચાલુ હાલતમાં ઉપલબ્ધ થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરાવવા તથા ડી–વોટરીંગ પંપ કઈ સાઈઝના કેટલી સંખ્યામાં છે, તથા કઈ જગ્યાએ મુકવામાં આવેલ છે, તમામ પંપ ચાલુ હાલતમાં છે તેના પ્રમાણપત્ર સહિતની માહિતી તા.૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.(પત્રક–૧૨ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(All ZO/Ex.Eng.Drng./Hyd.)**

૫ જરૂરીયાતના સમયે ડી–વોટરીંગ પંપ ચાલુ હાલતમાં ઉપલબ્ધ થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરાવવા તથા ડી–વોટરીંગ પંપ કઈ સાઈઝના કેટલી સંખ્યામાં છે, તે અંગેની તમામ ઝોન/સંબંધિત વિભાગની સંકલિત માહિતી કાર્યપાલક ઈજનેર(હેડ વોટર વર્કસ) એ તા. ૨૦–૦૫–૨૦૨૫ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.(પત્રક–૧૨ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(Ex.Eng.-HWW)**

<u>ટ્રાફિક વિભાગ / લાઈટ વિભાગ ::</u>

૧ તાપી નદીની પાણીની સપાટી હોપપુલ, નહેરૂપુલ, સરદારપુલ, વિવેકાનંદ લો–લેવલ બ્રીજ, વિયર કમ કોઝવે તથા ખાડી પર બાંધવામાં આવેલ બ્રીજ પરથી જોઈ શકાય જે માટે જરૂરી લેવલ માર્કીંગનું રી–પેઈન્ટીંગ કરાવવાની તથા જરૂરી લાઈટની વ્યવસ્થા તા.૩૧–૦૫–૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવી.**(ExEng-Traffic/Dy Eng.-St.Light)**

<u>ગાર્ડન વિભાગ ::</u>

૧ વાવાઝોડા વખતે ઝાડ તુટી પડે તો તે કાપી હટાવવાની વ્યવસ્થા કરાવવી. આ માટે પ્રાઈવેટ એજન્સી રોકવાની હોય તો તેવી કામગીરી હાથ ધરવી. નવા સમાવિષ્ટ વિસ્તારમાં પણ વ્યવસ્થા ગોઠવવી.**(ExEng-PPG/GS)**

<u>તમામ ઝોન /ફાયર બ્રિગેડ વિભાગ / જનસંપર્ક વિભાગ / વોચ એન્ડ વોર્ડ વિભાગ ::</u>

૧ નદીપુર/ખાડીપુર/ભારે વરસાદના સમયે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય જાય તેવા સંજોગોમાં બચાવ કાર્ય માટે જરૂરી બોટની વ્યવસ્થા કરવા,રેલના સમયે હોડીઓ કઈ જગ્યાએ મૂકી શકાય તેનું અગાઉથી પ્લાનીંગ ઝોનલ ઓફિસર સાથે સંપર્કમાં રહી કરવુ. હોડી, તરાપા અને સાયરનની વ્યવસ્થા કયા સ્થળે કેટલી સંખ્યામાં કરવામાં આવેલ છે તેની માહિતી રજૂ કરવી તથા બચાવ કામગીરી માટે વધારાની બોટ જરૂરિયાત પ્રમાણે ભાડેથી લેવા માટે જરૂરી મંજૂરી મેળવવા માટે કાર્યવાહી કરવી.હાલ નવા સમાવિષ્ટ વિસ્તારના સદર્ભે આ બાબતે જરૂરી વિગતો એકત્રિત કરી તે અંગે ખાસ તકેદારી રાખવી.**(All ZO/CFO)**

૨ પૂરની પરિસ્થિતિમાં તાકીદનાં સમયે બચાવ / રાહત કામગીરી માટે જરૂરીયાત મુજબ બોટ તુરંત મેળવી શકાય તે માટે કઈ સંસ્થા પાસેથી કયા પ્રકારની કેટલી ક્ષમતાની બોટ કયા સ્થળેથી મળી શકશે ? તે માટે સંસ્થાના સંપર્ક અધિકારી તેમજ સીનીયર અધિકારીનાં નામ/ હોદ્દા / મોબાઈલ ફોન નંબર સહિતની વિગતવાર માહિતી તૈયાર કરી તેની નકલ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ (મધ્યસ્થ કચેરી)ને તથા કંટ્રોલ રૂમમાં પણ મોકલવી.(પત્રક–૯ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(CFO)**

૩ બચાવ/રાહત કામગીરી માટે ઉપલબ્ધ થઈ શકે તેવી તમામ બોટ અસરગ્રસ્ત વિસ્તારમાં ખસેડવા માટે, બોટ ઉચકવા માટે જરૂરી ક્રેઈનનાં બૂમની સાઈઝ તથા વજન ઉચકવાની ક્ષમતા સાથે પરિવહન માટે જરૂરી ટ્રક/ટ્રેઈલરની સાઈઝ સહિત તે કયા સ્થળેથી ઉપલબ્ધ થશે? તથા સંપર્ક વ્યકિત / અધિકારીનાં નામ, સરનામા/હોદ્દા તથા (મોબાઈલ)ટેલીફોન નંબર સહિતની વિગતો તૈયાર કરી તેની નકલ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને પણ મોકલી આપવી.(પત્રક–૧૦ મુજબ ગુજરાતી તથા અંગ્રેજીમાં)**(CFO)**

૪ તમામ વાયરલેસ સેટ/વોકીટોકી સેટનું જરૂરી રીપેરીંગ/મેઈન્ટેનન્સ કરાવવા કાર્યવાહી કરવી. તથા મહાનગરપાલિકાના અગત્યના ટેલીફોન સતત ચાલુ રહે તે અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.**(CFO)**

૫ પૂરની પરિસ્થિતીનાં સંજોગોમાં જાહેર જનતાને સમયસર જાણ / પ્રચાર માટે પબ્લીક એડ્રેસ સિસ્ટમ ગોઠવવા તથા સાયરન વગાડવા બાબતે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.**(CFO/PRO/All ZO)**

૬ જનસંપર્ક અધિકારીએ ઝોન વિસ્તારમાં હાથ ધરવામાં/કરવામાં આવેલ કામગીરીની માહિતી મેળવવી અને તેની સંકલિત પ્રેસનોટ ડે.મ્યુ. કમિશનર ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી પ્રેસમાં મોકલવી. **(PRO/All ZO)**

૭ ફાયર / વર્કશોપના સાધનો / વાહનો મેઈન્ટેનન્સ કરાવી વર્કીંગ કન્ડીશનમાં રહે તે મુજબ વ્યવસ્થા ગોઠવવી.**(CFO)**

૮ સમગ્ર ઝોન વિસ્તારમાં કોમ્યુનિકેશન અને વાયરલેસ સેટ, ફોન વિગેરે માટે જગ્યા/સ્થળ/મકાનનું રોકાણ કરી જરૂરી વ્યવસ્થા કરવી. **(CFO)**

૯ શહેર વિસ્તારમાં પૂરની પરિસ્થિતિનાં સંજોગોમાં પાણીનો ભરાવો થાય તે સ્થળેથી બચાવ કામગીરી માટે હોડીઓ મુકાવવાનાં સ્થળો આઈડેન્ટીફાય કરી, તે સમયસર મુકાય તે અંગે વ્યવસ્થા કરવી.**(CFO)**

૧૦ તમામ વાયરલેસ સેટ /વોકી ટોકી સેટ અવિરત ચાલુ રહે તે માટે જરૂરીયાત મુજબ એકસ્ટ્રા બેટરી ફાળવવા વ્યવસ્થા કરવી.(CFO)

૧૧ તમામ અધિકારી / કર્મચારીઓના મોબાઈલ ફોન અવિરત ચાલુ રહે તે માટે બેટરી વોલ ચાર્જર ઝોન કચેરીએ તેમજ મુખ્ય કચેરી ખાતે યોગ્ય સ્થળોએ મુકવા કાર્યવાહી કરવી.(CFO)

૧૨ જીવનના નુકશાન અને મિલકત ના નુકશાનીને ઘટાડવા અને પુનઃસંગ્રહ અને પુનઃર્વસવાટ ને સુનિશ્ચિત કરવા માટે.(CFO)

૧૩ શહેરી પુરની પ્રતિક્રિયા માટે જરૂરી મુખ્ય કાર્યકારી ક્રિયાઓની સુચિ સંક્ષિપ્ત ચાર્ટ સમજાવી.(CFO)

૧૪ સજ્જતા, પ્રતિક્રિયા, રાહત અને પુનઃસ્થાપના માટે જરૂરી કાર્યોની સુચિબધ્ધ કરવા માટે જે સામેલ છે તે લીટી એજન્સીઓ અને વિભાગો દ્વારા હાથ ધરવી.(CFO)

૧૫ આપત્તિ વ્યવસ્થાપન પક્રિયાના દરેક તબકકે દરેક વિભાગોના કાર્યો / ઈવેન્ટસના અસરકારક સંકલનની ખાતરી કરવા અને તમામ કાર્યો નો સતત સંકલન કરવું.(CFO)

૧૬ ભુતકાળના અભ્યાસથી હાલના એસઓપીની વધુ સમીક્ષા અને અપડેટ કરવા માટે દરેક એજન્સી / વિભાગ ધ્વારા લેવાતી ક્રિયાઓની રિપોર્ટિંગને સક્ષમ કરવું.(CFO)

૧૭ આ મોડેલ એસઓપી તેમના શહેરના વિશિષ્ટ એસઓપીની તૈયારી માટે રાજયો અને યુટી સંચાલકોના માર્ગદર્શન માટે જારી કરાયેલો સૂચક એસઓપી દસ્તાવેજ છે. આ મોડેલ એસઓપીમાં રહેલી સુચનાઓ તમામ ક્રિયાઓના વિસ્તૃત તરીકે ગણવી.(CFO)

૧૮ ઈમરજન્સી ટ્રાફિક પ્લાન – સ્થાનિક ભૂમિપ્રદેશથી માહિતગાર હોવાથી, અસરગ્રસ્ત વિસ્તારમાં ઘટના ઘટે તે પ્રસંગે કર્મચારીઓ, રીસોર્સીસ અને રાહતની સામગ્રીઓ લઈ જવા લાવવામાં સલામત વહન કરવું. (CSO)

૧૯ વિગતવાર કોમ્યુનીકેશન (સંચાર)પ્લાન–વોચ એન્ડ વોર્ડ એક મજબુત અને અસરકારક સંચાર સીસ્ટમ છે. તેનો ઉપયોગ આફતનાં સમયે સીકયુરીટી ગાર્ડ / માર્શલો ઘટના સ્થળ હાજર હોય તે લોકોને ચેતવણી અંગે પ્રસાર કરવામાં આવતી માહિતીઓ, આપવામાં આવતી ચેતવણીઓ અંગે પ્રતિસાદ આપવા સંચાર પ્રોટોકોલ્સ જાળવવું. (CSO)

૨૦ શોધ અને બચાવ (SAR) – આપત્તિના સમયમાં મુળભુત કાર્ય કરવા જયાં સુધી ખાસ ટુકડીઓ ન આવે ત્યાં સુધી સીકયુરીટી ગાર્ડ/ માર્શલો ભોગ બનનારાઓને બચાવીને વહેલામાં વહેલી તકે રાહત આપવી.(CSO)

૨૧ સ્ત્રોતનો વ્યુહ–રચવા માટે વોચ એન્ડ વોર્ડ મદદ કરે છે, વ્યુહ રચનાને સુરક્ષા અને સલામતી આપવી. જેથી કરીને મદદ તાત્કાલિક પહોંચી શકે આવી જ માહિતી સંચાર વ્યવસ્થા તાર વિનાના (વાયરલેસ સીસ્ટમ) કાર્યરત કેમ્પમાં ચાલુ કરવી. (CSO)

૨૨ જાહેર શાંતિ, માનવ શારીરિક ઈજા, પોલીસ તાબા હેઠળ અન્ય ગુના અને મિલ્કત સામેનાં ગુનાને નિવારણ બાબત – સઘન પેટ્રોલીંગ કરીને સુરક્ષા પ્રદાન કરવી. (CSO)

૨૩ નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને સારવાર હેઠળના નવજાત શિશુઓને મર્યાદિત આશ્રયસ્થાનોની જગ્યામાં તેમને માટે વિશેષ સગવડ (ધ્યાન) પ્રદાન કરવી. (CSO)

૨૪ મહત્વપુર્ણ આંતરમાળખાકીય સુવિધાઓની પુનઃસ્થાપના – આપત્તિ સમયે સામાન્ય રીતે જટીલ માળખા જેવા કે રોડ, સંદેશા વ્યવહાર, આરોગ્ય કેન્દ્ર, શાળાઓ, વિજળી પ્રસારણ વિગેરે મહત્વપુર્ણ આંતરમાળખાકીય સુવિધાઓના રક્ષણની કામગીરી કરતી સંસ્થાઓને રક્ષણ પુરુ પાડવું. (CSO)

૨૫ પુનઃસ્થાપનાની કામગીરીમાં સામેલ કર્મચારીઓ સલામત બહાર કાઢવા – દુર્ઘટના સમયે કે આપત્તિ બાદ પુનઃસ્થાપનાની કામગીરીમાં સામેલ કર્મચારીઓને પણ સુરક્ષિત અને સલામત રીતે બહાર કાઢવા. (CSO)

તમામ ઝોન/ન.પ્રા.શિ.સમિતિ / સુમન માધ્યમિક શાળા સેલ::

૧ ભારે વરસાદ તેમજ રેલના સમયે રીલીફ સેન્ટર શરૂ કરવા માટે ઝોન વાઈઝ શાળાઓનું અદ્યતન લીસ્ટ તથા જે તે શાળાના આચાર્યનું નામ સરનામું/ચાવી રાખનારનું નામ–સરનામા સહિતની વિગત તૈયાર કરી દરેક ઝોન ઓફિસ ખાતે રાખવી તથા તેની એક નકલ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને તા.૧–૫–૨૦૨૫ સુધીમાં મોકલી આપવી. (પત્રક–૩ મુજબ ગુજરાતી અને અગ્રેજીમાં)**(All ZO/AO-MSB/Suman secondary School)**

૨ રહેણાંક વિસ્તારમાં પાણી ભરાય જાય ત્યારે અથવા પુરના સંજોગોમાં શાળાઓનો રીલીફ સેન્ટર તરીકે ઉપયોગ થવાનો હોય, તે શાળાના આચાર્યોના નામ, સરનામા, ફોન નંબર વિ.માહિતી સંબંધિત ઝોનલ ઓફિસરોને તથા ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) ને મોકલવા તેમજ જે તે શાળાના સંબંધિત આચાર્યો મળી રહે અને શાસનાધિકારી(ન.પ્રા.શિ.સ.)ની પરવાનગી વગર રજા ઉપર ન જાય તે મુજબ જરૂરી સૂચના આપતો પરિપત્ર તેઓને મોકલવો**(All ZO/AO-MSB)**

તમામ ખાતા(વિભાગ)/ દ્વારા મોકલવાની વિગત

૧ ભારે વરસાદ, વાવાઝોડાના પ્રસંગે તાકીદના કામો માટે જરૂરીયાત મુજબના વાહનો, ચાવી અને ડ્રાઈવર સહિત તાત્કાલિક ઉપલબ્ધ થાય તે માટે વાહન નંબર, વાહનનો પ્રકાર ડ્રાઈવરનું નામ–સરનામું, ટેલીફોન નંબર સાથેની યાદી તમામ ઝોન ઓફિસ તથા સંબધિત ખાતાઓમાં તૈયાર રાખવી તથા તેની બે નકલ તથા તેની સોફ્ટ કોપી(પેન ડ્રાઈવમાં)ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) ને દર વર્ષે **૧૫ મી. એપ્રિલ** સુધીમા મોકલી આપવી**(પત્રક–૧ મુજબ)**

૨ ચોમાસાની સીઝન દરમ્યાન જરૂરિયાતના સમયે કર્મચારીઓ સરળતાથી મળી રહે તે માટે તમામ ખાતાઓ / ઝોનનાં કેડર વાઈઝ તમામ અધિકારીઓ/ કર્મચારીઓ/બેલદારો/સફાઈ કામદારોના નામ–સરનામાનું લીસ્ટ તમામ ઝોન /ખાતામાં દર વર્ષે **૧૫મી એપ્રિલ** સુધીમાં તૈયાર રાખવું તથા તેની એક નકલ તથા તેની સોફ્ટ કોપી(પેન ડ્રાઈવમાં)ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલવી**(પ્રત્રક–૨ મુજબ)**

૩ ભારે વરસાદ તેમજ રેલના સમયે રિલિફ સેન્ટર શરૂ કરવા માટે શાસનાધિકારીશ્રી એ ઝોન વાઈઝ શાળાઓનું અદ્યતન લિસ્ટ તથા જે તે શાળાના આચાર્યનું નામ સરનામું/ ચાવી રાખનારનું નામ સરનામા સહિતની વિગત તૈયાર કરી દરેક ઝોન તથા તેની સોફ્ટ કોપી(પેન ડ્રાઈવમાં) દર વર્ષે **૧૫મી એપ્રિલ** સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવની **(પ્રત્રક–૩ મુજબ)**

૪ રેલ, ભારે વરસાદ વખતે ફુડ પેકેટની વહેંચણી થઈ શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવી ફુડ પેકેટ સપ્લાયર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની અદ્યતન માહિતી તમામ ઝોનલ ઓફિસર/ ચીફ એકાઉન્ટન્ટ/ ચીફ પ્રોજેકટ ઓફિસર (યુ.સી.ડી.) કયુરેટર (સાંસ્કૃતિક) /ફુડ ઈન્સ્પેકટર **૧૫મી એપ્રિલ** સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી **(પ્રત્રક–૪ મુજબ)**

૫ તમામ ઝોનલ ઓફિસરોએ દરેક ઝોનમાં નકકી કરેલ રીલીફ સેન્ટર ઉપર લાઈટ,પાણી, સંડાસની વ્યવસ્થા છે કે કેમ તે અંગે ચકાસણી કરી જરૂરી વ્યવસ્થા કરાવવી દર વર્ષે **૧૫મી એપ્રિલ** સુધીમાં જરૂરી માહિતી તથા તેની સોફ્ટ કોપી(પેન ડ્રાઈવમાં) ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.**(પત્રક–૫ મુજબ)**

૬ હાઈડ્રોલિક ઈજનેર/ ચીફ ફાયર ઓફિસર/ મેનેજર (સાંસ્કૃતિ વિભાગ) તમામ ઝોનલ ઓફિસરે રેલ વખતે બચાવ કામગીરી માટે તરવૈયા સરળતાથી મળી રહે તે માટે તરવૈયા તથા આવી સંસ્થાના નામ–સરનામા, ટેલીફોન નંબર વિગેરેની અદ્યતન યાદી તથા તેની સોફ્ટ કોપી (પેન ડ્રાઈવમાં) **૧૫મી એપ્રિલ** સુધી માં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવાની રહેશે. **(પ્રત્રક–૫ મુજબ)**

૭ હાઈડ્રોલિક ઈજનેરએ ભારે વરસાદના કારણે શહેરમાં પાણી પુરવઠો ખોરવાય જાય તે સંજોગોમાં ટેન્કરથી પાણી પુરું પાડવા વ્યવસ્થા કરવી મહાનગરપાલિકા ના ટેન્કર કેટલા છે ? ભાડેથી ટેન્કર મળી રહે તેના નામ સરનામાં ફોન નંબરોની યાદી તે માટે આ ટેન્કરો ભાડેથી આપતા હોય તેવા કોન્ટાકટ્રરોની યાદી વગેરેની સંબંધિત માહિતી હાઈડ્રોલિક ઈજનેરે ઓફિસ સુપ્રિટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)માં મોકલી આપવી (પત્રક–૭ મુજબ)

૮ તાકીદના સમયે અર્થમુર્વસ મશીનરી /ભારે વાહનો સરળતાથી મળી રહે તે માટે આવા કોન્ટ્રાકટર/ સંસ્થા વગેરેના નામ સરનામા ફોન નંબર સહિતની (હજીરા પટ્ટીના ઔદ્યોગિક એકમો – અન્ય કોન્ટ્રાકટર વગેરે) માહિતી **૧૫મી એપ્રિલ** સુધીમાં એકઝી. ઈજનેર (વર્ક શોપ), ચીફ ફાયર ઓફિસરએ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી **(પત્રક –૭ મુજબ)**

૯ કલેકટર કચેરી દ્વારા માગવામાં આવતા જુદા જુદા બચાવ અને રાહત સાધનો/ વાહનોની માહિતી સમય મર્યાદામાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)માં મોકલી આપવી.

૧૦ તાકીદની પરિસ્થિતિ દરમ્યાન બચાવ, રાહત, અને પુનર્વસનની શરૂ કરવામાં આવેલ કામગીરીની વિગતો સેન્ટ્રલ કંટ્રોલ રૂમ ICCC (ઉઘના મગદલ્લા રોડ) ખાતે મોકલવી.

૧૧ પુરની પરિસ્થિતિ સમયે તમામ ઝોન / ખાતાઓએ ફલડગેટ ઓપરેટ કરવા અન્વયે ફલડ ગેટનું સ્થળ, ઓપરેટરનું નામ, ચાવી રાખવાનું સ્થળ તથા જવાબદાર અધિકારીનું નામ તેમજ સંપર્ક નંબર વિગેરે વિગતો **૧૫ મી. એપ્રિલ** સુધી માં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) ને મોકલી આપવી.

૧૨ ચીફ ફાયર ઓફિસરે તાકીદની પરિસ્થિતિના સમયે બોટ, તથા પરિવહન માટેના સાધનો કઈ સંસ્થા પાસેથી / કયા સ્થળેથી ઉપલબ્ધ તથા સંસ્થાના અધિકારીઓનો સંપર્ક નંબર વગેરે વિગતો **૧૫મી એપ્રિલ** સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) ને મોકલી આપવી.

૧૩ ચીફ ફાયર ઓફિસરે તાકીદની પરિસ્થિતીના સમયે કેઈન ભાડેથી કંઈ સંસ્થા પાસેથી / કેટલી સંખ્યામાં કેટલી ક્ષમતાની /કયા સ્થળેથી ઉપલબ્ધ થશે તે અંગેની વિગતો ૧૫મી. એપ્રિલ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.

૧૪ તમામ ઝોન / ખાતાઓએ જનરેટર સેટની ક્ષમતા / સંખ્યાની વિગત ૧૫મી એપ્રિલ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી) ને મોકલી આપવી

૧૫ તમામ ઝોન / ખાતાઓએ ડી–વોટરીંગ પંપની ક્ષમતા / સંખ્યાની ૧૫મી એપ્રિલ સુધીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)ને મોકલી આપવી.

નોંધઃ– આ સાથે સામેલ વિવિધ માહિતી નમુના પત્રક–અ તથા પત્રક–૧ થી ૧૨ મુજબના પત્રકો અનુસાર ગુજરાતી તથા અંગ્રેજીમાં વિગતો / માહિતી નિયત સમયમર્યાદામાં **FTP://10.11.1.2** પર **OS** ના ફોલ્ડરમાં **PRE MONSOON** ની ફાઈલમાં નિર્દેશિત ફોર્મેટ માં જ આમ જ કરી તેની અધિકૃત હાર્ડકોપી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)માં બિનચૂક મોકલી આપવાની રહેશે.

પત્રક–અ

અ.નં.	ઝોન	ROUND	કાચી ગટર(રનીંગ મીટર)			ROUND	પાકી ગટર(રનીંગ મીટર)			ROUND	ખાડી(રનીંગ મીટર)			
			કુલ	સફાઈ	બાકી		કુલ	સફાઈ	બાકી		કુલ લંબાઈ	સફાઈ કરવાજોગ	કરેલ કામગીરી	બાકી કામગીરી
1	WZ													
2	SWZ													
3	SZ-A													
4	SZ-B													
5	SEZ													
6	EZ-A													
7	EZ-B													
8	NZ													
9	CZ													
	TOTAL		0	0	0		0	0	0		0	0	0	0

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રીપેર્ડનેસ પ્લાન

અ.નં.	ઝોન	ROUND	સ્ટ્રોર્મ ડ્રેઈન–પાઈપ(મેનહોલ નંગ)			ROUND	સ્ટ્રોર્મ ડ્રેઈન–બોક્ષ(રનીંગ મીટર)			ROUND	ઈનલેટ ચેમ્બર(નંગ)		
			કુલ	સફાઈ	બાકી		કુલ	સફાઈ	બાકી		કુલ	સફાઈ	બાકી
1	WZ												
2	SWZ												
3	SZ-A												
4	SZ-B												
5	SEZ												
6	EZ-A												
7	EZ-B												
8	NZ												
9	CZ												
	TOTAL		0	0	0		0	0	0		0	0	0

ઝોન	વિગત	કરવાજોગ કામગીરી	થયેલ કામગીરી	બાકી કામગીરી
WZ	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
SWZ	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
SZ-A	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
SZ-B	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
SEZ	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
EZ -A	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
EZ -B	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
NZ	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			
CZ	નવા જાળીયા			
	રીપેર કરવા જોગ જાળીયા			
	કલર કરવા જોગ જાળીયા			
	મેનહોલના નવા ઢાંકણાં			

નોંધઃ– ઉકત પ્રત્રક–અ અનુસારની માહિતી સોમવારથી રવિવાર સુધીની અઠવાડીક કરેલ કામગીરીની વિગતો તેનાં પછીના સોમવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં **FTP://10.11.1.2** પર **OS** ફોલ્ડરમાં **PRE MONSOON-2025**ની ફાઈલમાં આપેલ ફોર્મેટ માં આંકડાકીય માહિતી આમેજ કરી તેની અધિકૃત હાર્ડકોપી તે જ દિને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)માં બિનચૂક મોકલી આપવાની રહેશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા હાલમાં ચાલતા સ્ટ્રોર્મ વોટર/ડ્રેનેજ/ પાણી ખાનગી એજન્સીના ચાલતા કામોની માહિતી

_____ઝોન

અ.નં.	લોકેશન	ખાતા/એજન્સીનું નામ	કેટલા રનીંગ મીટર	સેઈફ સ્ટેજ પર લાવવાની તારીખ

- - - - - - - -

વાહનોની માહિતી દર્શાવતુ પત્રક–૧

ઝોન/ખાતાનું નામઃ–

ક્રમ	વાહન નંબર અને વાહનનો પ્રકાર	વાહનો જે અધિકારીના તાબા હેઠળ છે.તેનું નામ અને હોદ્દો	વાહન રાખવાના સ્થળની વિગત	(૧) ડ્રાઈવરનું નામ (૨) કલીનરનું નામ	સરનામું	રીમાર્કસ

- - - - - - - -

અધિકારી/કર્મચારીઓની માહિતી દર્શાવતુ પત્રક–૨

ઝોન/ખાતાનું નામઃ–

ક્રમ નં.	અધિકારી/કર્મચારીનું નામ તથા કર્મચારી નંબર	હોદ્દો	સરનામું તથા ફોન નંબર/ મોબાઈલ નંબર	રીમાર્કસ

- - - - - - - -

શાળાઓની માહિતી દર્શાવતુ પત્રક–૩

ઝોનનુ નામઃ–

ક્રમ	શાળાનો ક્રમાંક	શાળાનું સરનામું	આચાર્યનુ નામ અને સરનામું/ટેલીફોન નંબર	ચાવીરાખનારનું નામ અને સરનામું/ટેલીફોન નંબર	રીમાર્કસ

- - - - - - - -

સ્વૈચ્છિક સંસ્થાની માહિતી દર્શાવતુ પત્રક–૪

ખાતા/ઝોનનુ નામઃ–

ક્રમ	સ્વૈચ્છિક સંસ્થાનુ નામ	સરનામુ/ફોન નંબર/મોબાઈલ નંબર	હોદ્દો તથા હોદ્દેદારનુ નામ	સરનામુ/ફોન નંબર/મોબાઈલ નંબર	રીમાર્કસ

Annexure - 4 Information of voluntary organization

Zone / Department

Sr.No.	Name of the Voluntary organization	Address / Phone no. / Mobile no.	Status & Name of the position holder	Addresses / phone no / mobile no.	Remarks

- - - - - - - -

ઝોન વાઈઝ નીચાણવાળા વિસ્તારની વિગત તથા રીલીફ સેન્ટર વગેરેની માહિતી દર્શાવતું પત્રક–૫

ઝોનનુ નામઃ–

અનં	નીચાણ વાળા વિસ્તાર / ઝુંપડપટ્ટી નું નામ	અંદા જીત ઝુંપડા ની સંખ્યા	સ્થળાંતર પાત્ર અંદાજીત વસ્તી	રીલીફ સેન્ટરનું નામ/સરનામું અસરગ્રસ્ત વ્યકિતઓની ક્ષમતા અને રીલીફ સેન્ટર ઈન્ચાર્જનું નામ તથા સંપર્ક નંબર અંગેની માહિતી				પ્રાથમિક સુવિધા ઉપલબ્ધની વ્યવસ્થા : ખાતા /ઝોન સ્વૈચ્છિક સંસ્થા							સુ.મ.પા.દ્વારા પ્રાથમિક સુવિધા આપવામાં આવેલ છે કે કેમ ?			
				રીલીફ સેન્ટરનુ નામ સરનામું	રીલીફ સેન્ટરની ક્ષમતા		રીલીફ સેન્ટર ઈ.ચા.નું નામ તથા સંપર્ક નંબર	સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખ/ હોદેદાર નું નામ તથા સંપર્ક નંબર	સ્વૈચ્છિક સંસ્થા/ ખાતા/ ઝોન	ફુડ પેકેટસ	પીવાનું પાણી	સફાઈ કામગીરી	મેડીકલ ચેકઅપ	બચાવ કામગીરી માટે તરવૈયા	પાણી	લાઈટ	સેનેટરી	અન્ય
					ઓરડાની સંખ્યા	વ્યકિતઓની ક્ષમતા							નોંધ પ્રત્યેક ટીમમાં એક ડોકટરતથા એક પેરા મેડીકલ વર્કર હોવા જરૂરી છે.					
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)	(૧૪)	(૧૫)	(૧૬)	(૧૭)	(૧૮)	(૧૯)
કુલ																		

Annexure - 5 depicting the information details about zone wise the lying areas

S.N.	Lying area / the name of slums	Approx no. of slums	Approx no. of shifting	Name & add. of Relief center, I.C. name & contact no.				Primary facility : Zone / Dept. / NGO							Do they have primary facilities?			
				Name of relief cen-ter	Capacity of relief center		I.C. name & cont. no.	President name & cont. no. of NGO	NGO / Zone / Dept.	Food Packet	Drinking water	Cleaning	Medical Checkup	Swimmer	Water	Light	Sanitary	Other
					Nos. of Rooms	capacity of person							1 doctor & 1 peramedical work avail. in each team					
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19
Total																		

- - - - - - - -

તરવૈયાની માહિતી દર્શાવતુ પત્રક–૬

ખાતા /ઝોનનું નામઃ–

ક્રમ નં.	સંસ્થા/ખાતાનુ નામ	સરનામું/ટેલીફોન/મોબાઈલ નંબર	તરવૈયા/કર્મચારીનું નામ	સરનામું/ફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ

Annexure - 6 depicting the information of Swimmers

Sr. No.	Name of the dept./ organization	Addresses / Tele phone no. / Mobile no.	The name of the Swimmer / Employee	Addresses / phone no. / mobile no.	Remarks

- - - - - - - -

વાહનોની માહિતી દર્શાવતુ પત્રક–૭

ઝોન/ખાતાનું નામઃ–

ક્રમ	વાહનનો પ્રકાર	વાહનો જે સંસ્થા પાસે છે તે સંસ્થાનુ નામ અને સરનામું	વાહનો જે અધિકારીના તાબા હેઠળ છે, તેનુ નામ અને હોદો	વાહન રાખવાના સ્થળની વિગત	ફોન/મોબાઈલ નંબર	રીમાર્કસ

ફ્લડગેટની વિગત પત્રક–૮

ઝોન/ખાતાનું નામઃ–

અ.નં.	ફ્લડગેટ નું સ્થળ	સંખ્યા		ઓપરેટરનું નામ/ સરનામું/ કોન્ટેકટ નંબર	ચાવી રાખવાનું સ્થળ	જવાબદાર અધિકારીનું નામ/ સરનામું /કોન્ટેકટ નંબર
		ફ્લડગેટ	ફ્લેપગેટ			

Annexure - 8 Depicting Details about Flood Gate

Sr. No.	Location of the Flood Gate	Total No.		The name / add./ contect no. of the operator	The Location of the Keys	The name / add./ contect no. of the responsible officer	Phone / Mobile No.	Remarks
		Flood Gate	Flap Gate					

બોટ મેળવવા અંગે સંસ્થાઓની વિગત પત્રક–૯

ખાતાનું નામઃ

બોટ		સંખ્યા	ટ્રાન્સ. માટેનું સાધન	બોટ ઉચકવા માટેનું સાધન	કઈ સંસ્થા પાસેથી ઉપલબ્ધ થશે	કયા સ્થળેથી મળશે	સંસ્થાના અધિકારીનો હોદો/ફોન નંબર	તત્કાલ બોટ મેળવવા માટેના નામ/નંબર	ઓપરેટર સાથે છે કે કેમ?
ટાઈપ	સાઈઝ								

Annexure - 9 depicting information regarding Boats to be obtained from organizations.

Zone / Department

Boats		Total no.	Vehicle for transport	The instrument for lifting the boats	Available from which organization	location	The status / Phone no. of the officer of org.	Name / No. for obtaining boat institutions	wheather the operator accompanies it or not
Type	Size								

ક્રેઈન મેળવવા અંગે સંસ્થાઓની વિગત પત્રક–૧૦

ખાતાનું નામઃ

વજન ઉચકવાની ક્ષમતા	સંખ્યા	ઓપરેટર છે કે કેમ ?	કઈ સંસ્થા પાસેથી ઉપલબ્ધ થશે	કયા સ્થળેથી મળશે.	સંપર્ક અધિકારીનો નંબર	સંસ્થાના અધિકારીનો હોદો	તત્કાલ મેળવવા માટે ના નામ

Annexure - 10 depicting information regarding Boats to be obtained from organizations.

Zone / Department

Weight lifting capability	Total No.	wheather operator is available	Available from which org.?	The location where from available	phone no. of contact officer	status of the officer of the organization	name / no. for instant obtaining the boat

ઝોન/ખાતાવાઈઝ જનરેટર સેટની ક્ષમતા/ સંખ્યાની વિગત પત્રક–૧૧

ઝોન/ખાતાનું નામ	ક્ષમતા																		
	૦.૨	૦.૩	૦.૫	૦.૬	૨.૦	૨.૫	૨.૮	૩.૫	૫.૦	૭.૫	૧૦	૧૫	૨૫	૪૦	૬૨.૫	૭૫	૧૨૫	૩૨૦	૫૦૦	કુલ
કુલ																				

Annexure - 11 Zone / Dept. wise details regarding the generator capacity / number

Zone / Department

Name of Zone / Dept	Capacity																		TOTAL
	.2	.3	.4	.5	.6	2.5	2.8	3.5	5.0	7.5	10	15	25	40	62.5	75	125	320	500	
TOTAL																				

ઝોન/ખાતાવાઈઝ ડી–વોટરીંગ પંપની ક્ષમતા સંખ્યાની વિગત પત્રક–૧૨

ઝોન/ખાતાનું નામ	સાઈઝ					
	૨''	૨.૫''	૩''	૪''	૬''	કુલ
રાંદેરઝોન						
અઠવાઝોન						
ઉધનાઝોન(એ)						
ઉધનાઝોન(બી)						
લીંબાયતઝોન						
વરાછાઝોન(એ)						
વરાછાઝોન(બી)						
સેન્ટ્રલઝોન						
ડ્રેનેજ ખાતુ						
હાઈડ્રોલીક ખાતુ						
કુલ...						

Annexure-12 the details regarding capacity / no.of Zone / Dept. wise, D- watering pumps

Zone / Department

Name of the Zone/ Dept	Size					
	2''	2.5''	3''	4''	6''	Total
Rander Zone						
Athwa Zone						
Udhna Zone(A)						
Udhna Zone(B)						
Limbayat Zone						
Varachha Zone(A)						
Varachha Zone(B)						
Central Zone						
Drainage Dept.						
Hydraulic Dept.						
Total						

તાકીદની પરિસ્થિતિ ઉભી થયે બચાવ, રાહત તથા પુનર્વસન કામગીરી શરૂ કરવામાં આવ્યે થી રજૂ કરવાની માહિતી અંગેનું પત્રક –૮

ક્રમ	વિગત	
૧	અસરગ્રસ્ત કુલ ઘરોની સંખ્યા	
૨	સ્થળાતંર કરેલ કુલ વ્યકિતઓની સંખ્યા	
૩	હાલમાં શરૂ હોય તેવા રાહત કેન્દ્રોની સંખ્યા	
૪	રાહત કેન્દ્રો માં હાલમાં વ્યકિતઓની સંખ્યા	
૫	રાહત કેમ્પોમાં વહેચવામાં આવેલા કુડ પેકેટની સંખ્યા	
૬	અન્ય વિસ્તારોમાં વહેચવામાં આવેલા કુડ પેકેટની સંખ્યા	
૭	પીવાના પાણીના ટેન્કરો પુરા પાડયા હોય તેની સંખ્યા	
૮	પાણીની બોટલો/ પાઉચો પુરા પાડયા હોય તેની સંખ્યા	
૯	માટી/ કીચડ /કચરાનો નિકાલ(ટનમાં)	
૧૦	મરેલા જાનવરોના નિકાલની સંખ્યા અ:નાના	
	બ: મોટા	
૧૧	વહેંચવામાં આવેલ કલોરીનની ટીકડીઓ	
૧૨	નાગરિકો વહેંચવામાં આવેલી આરોગ્ય વિષયક દવાઓનો જથ્થો	
૧૩	જંતુનાશક દવાઓનો છંટકાવ અ: પાવડર(કિ.ગ્રા.)	
	બ. : પ્રવાહી (લીટરમાં)	
૧૪	વહેંચવામાં આવેલ દૂધનો પાવડર	
૧૫	હાલમાં કાર્યરત મેડિકલ ટીમોની સંખ્યા	
૧૬	મ્યુ.ના નિયમીત કામદારો અને બેલદારોની હાજરીની સંખ્યા	
૧૭	હંગામી ધોરણે રોકેલા રોજીંદા મજુર બેલદારોની સંખ્યા	
૧૮	કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદારોની/બેલદારની સંખ્યા	
૧૯	કાર્યરત હોય તેવા ટ્રેકટરોની સંખ્યા	
૨૦	કાર્યરત હોય તેવા ટ્રકોની સંખ્યા	
૨૧	કાર્યરત હોય તેવા ડમ્પરોની સંખ્યા	
૨૨	કાર્યરત હોય તેવા લોડરોની સંખ્યા	
૨૩	કાર્યરત હોય તેવા જે.સી.બી.ની સંખ્યા	
૨૪	માનવ મૃત્યુ	
૨૫	ઉપયોગમાં લીધેલા ડી –વોટરીંગ પંપોની સંખ્યા	
૨૬	ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાંથી ડી –વોટરીંગ કરવામાં આવ્યું હોય	
૨૭	ઉપયોગમાં લીધેલ જનરેટર સેટની સંખ્યા	

અસરગ્રસ્ત વિસ્તાર	સંખ્યા	રાહત કેન્દ્રની વિગત	આશ્રિતોની સંખ્યા

બપોરે ૧૨:૦૦ કલાકથી બીજા દિવસના બપોરના ૧૨:૦૦ કલાક સુધી એ રીતે ૨૪ કલાકની માહિતી બપોરે ૩:૦૦ કલાક સુધીમાં સંબંધિતોને પહોંચાડવી

ઝોનલ ઓફિસર
.....ઝોન

પ્રકરણ –૬

પાણી જન્ય અને પાણી સંબંધિત રોગ અટકાયત એકશન પ્લાન.

ઉનાળાની ઋતુ દરમ્યાન પાણી જન્ય તથા પાણી સંબધિત રોગોનો ઉપદ્રવ નહી થાય તથા સંભવિત એપેડેમીક અટકાયતનાં/તકેદારીનાં પગલા લેવા સબબ સામેલ એકશન પ્લાન મુજબની કાર્યવાહી કરી આ સાથેના બીડેલ પ્રફોર્મા મુજબની માહિતી નિયમિત મોકલવાની રહેશે.

(અ) આરોગ્ય સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :–

તમામ નાયબ આરોગ્ય અધિકારીઓએ તેમનાં ઝોન વિસ્તારમા નીચે મુજબની કામગીરી કરાવવી.

(૧) વોર્ડ વિસ્તારમાં આવેલ ન્યુસન્સ સ્પોટ, કચરાપેટીની આસપાસ અને જાહેર જાજરૂ–મૂતરડી(પે એન્ડ યુઝ)ની આસપાસ નિયમિત સઘન સાફ સફાઈ કરાવવી, કચરાનો નિયમિત નિકાલ કરાવવો તથા જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો. જંતુનાશક દવાનો પુરતો જથ્થો વોર્ડ ઓફિસમાં રાખવાની વ્યવસ્થા કરવી.

(૨) ઘી એન્વાયરમેન્ટ(પ્રોટેકશન)એકટ,૧૯૮૬ અન્વયે SOLID WASTE MANGMENT RULES 2016 અને PWM (PLASTIC WASTE MANAGMENT) RULES 2023 થી પ્રતિબંધિત એવી રીસાયકલ્ડ અને પ્લાસ્ટીકની પાતળી થેલીઓમાં સીંગલ યુઝ પ્લાસ્ટીક વેચવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેથી દરેક ફળ–ફળાદિ અને શાકભાજી વેચનાર ઈસમો પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ સદંતર બંધ કરે એવી ગોઠવણ કરવી તથા આ બાબતે સમયાંતરે નિયમિત ચેકીંગ કરી પ્લાસ્ટીકની થેલીનો ઉપયોગ કરનાર સામે પગલા ભરવા તથા વૈકલ્પિક વ્યવસ્થા સંદર્ભે લોક જાગૃતિ કેળવવી.

(૩) પાનનાં ગલ્લાવાળાઓ પ્લાસ્ટિકના ટુકડાનો ઉપયોગ કરતા હોય તો તે જપ્ત કરવા અને તેનો ઉપયોગ બંધ કરાવવો તથા નિયમિત ચેકીંગ કરી આ અંગે પગલાં ભરવા.

(૪) વોર્ડ વિસ્તારનાં નાગરીકો પોતાનાં ઘરનો કચરો – એંઠવાડ રસ્તા ઉપર નાંખતા હોય તો પ્રથમ ચેતવણી આપીને કચરો – એંઠવાડ ઘરમાં જ સુકો કચરો વાદળી (બ્લુ) કચરાપેટીમાં તથા ભીનો કચરો લીલી (ગ્રીન) કચરાપેટીમાં છૂટો પાડી ડોર ટુ ડોર ગાડીમાં જ નાંખવા સુચના આપવી અને જો તેમ કરતાં પણ સુધારો ન થાય તો તેવા ઈસમો પાસેથી વહીવટી ચાર્જની રકમની વસુલાત કરવી અને ચાર્જ નહિ ભરનાર સામે મ્યુનિ.કોર્ટમાં ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી કરવી.

(૫) જાહેર જાજરૂ મુતરડી/ પે એન્ડ યુઝની ડ્રેનેજ લાઈન હંમેશા ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવી અને જો લાઈન ચોકઅપ થઈ જાય તો તાકીદે લાઈન ચાલુ કરાવવી અને આજુબાજુની જગ્યા સાફ કરાવવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો. 'પે એન્ડ યુઝ'ટોયલેટની સાફ સફાઈ, જંતુનાશક દવાનો છંટકાવ વિગેરે બાબતે સુપરવિઝન સઘન કરવુ. ખામી જણાય તો સંચાલક / ઈજારદારને નોટીસ આપવી. નોટીસનો અમલ ન થાય તો મ્યુનિ. કોર્ટમાં ફરિયાદ દાખલ કરવી.

(૬) દુકાનદારો, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, મોલ વિગેરે ના સંચાલકોએ તેઓના એકમમાં ઉત્પન્ન થતો કચરો એકત્રીત કરવા માટે ફરજીયાત પણે સેગ્રીગેશનનાં હેતુસર લીલી તથા વાદળી એમ બે કચરાપેટી રાખવાની રહેશે તથા સવારે/સાંજે દુકાનદારો, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ કોમ્પલેક્ષ, મોલ વિગેરે ના સંચાલકોએ પોતાની સંસ્થા ખોલતી વખતે/બંધ કરતી વખતે જાહેર રસ્તા પર કે ફૂટપાથ પર કચરો ન નાંખતા ડોર ટુ ડોર કલેકશનનાં વાહનમાં જ નિકાલ કરવાનો રહેશે.

(૭) વોર્ડમાં ઉભરાતી ડ્રેનેજ લાઈનનો વોર્ડ ઓફીસ મારફતે નિકાલ કરાવવો, મેઈન લાઈન હોય તો પંમ્પીગ સ્ટેશનના સંકલનમાં રહીને કામગીરી કરાવવી. ડ્રેનેજ ચેમ્બર/ લાઈન/ ડાઉનટેક પાઈપ વિગેરે તુટેલા હોય તો ખામી બાબતે જવાબદાર ઈસમો સામે ઘી બી પી એમ સી એકટ હેઠળ જરૂરી કાર્યવાહી કરવી.

(૮) ડ્રેનેજ લાઈનની સુવિધા ન હોય તે વિસ્તારમાં, વિકલ્પ રૂપે આવેલ ખાળકૂવા ઉભરાવવાની ફરીયાદો મળે તો તેનો તાકીદે નિકાલ કરવો અને જરૂરી રજીસ્ટર નિભાવવું.

(૯) વોર્ડ વિસ્તારમાં આવેલ સાર્વજનિક જગ્યાઓ જેવી કે મ્યુનિસિપલ શાળાઓ, ખાનગી શાળાઓ, બસ સ્ટેશન, કોલેજ, ધાર્મિક સ્થળો, કોમર્શિયલ સંસ્થાઓ, લગ્નપ્રસંગોમાં ઉપયોગમાં લેવાતી વાડીઓ તથા બહુમાળી મકાનોમાં વપરાશમાં આવતી પાણીની સ્ટોરેજ ટાંકીનું નિયમિત ચેકીંગ કરવું અને પીવાનું પાણી પીવાલાયક રહે તે માટે જરૂરી પગલા લેવા સંચાલકોને આ બાબતે લેખિત જાણ કરવી તથા આવી સંસ્થાઓની આસપાસ સંપૂર્ણ સ્વચ્છતા રહે તેવી વ્યવસ્થા કરવી, પાણીની ટાંકીઓ સાફ થયાની તથા બ્લીચીંગ પાવડર નાંખ્યા બાબતના પ્રમાણપત્ર રજુ કરાવવા.

(૧૦) દરેક વોર્ડ ઓફિસમાં આપવામાં આવેલ કલોરોસ્કોપથી સંબંધિત વિસ્તારમાં દરરોજ ઓછામાં ઓછા ૧૦ જેટલા ઘરોમાંથી પીવાના પાણીના સપ્લાય દરમ્યાન પાણીમાંના રેસીડયુઅલ કલોરીન અંગેનો ટેસ્ટ કરવા. જેમાં ૦૫ નમુના નિયત કરેલા સ્થળો જેવા કે જાહેર સ્ટેન્ડ પોસ્ટ, સ્લમ વિસ્તાર, વિગેરે સ્થળોએથી દરરોજ લેવા તથા બીજા ૦૫ નમુના જુદી જુદી જગ્યાએથી લેવા. જો કલોરીનની માત્રા ઓછી અથવા "નીલ" જણાય તો તે બાબતની જાણ હોઈડ્રોલિક ઈજનેરશ્રીને પરભારે કરવાની વ્યવસ્થા કરવી ત્યારબાદ રેસીડયુઅલ કલોરીનનુ પ્રમાણ પૂરતુ ન આવે ત્યાં સુધી સતત તે જ સ્થળનાં પાણીનો કલોરીન ટેસ્ટ દરરોજ કરવો અને આવા વિસ્તારમાં કલોરીનની ગોળીઓનું વિતરણ કરી નાગરીકોને તેના વપરાશની સમજ આપવી.

(૧૧) વોર્ડ વિસ્તારમાં પાણીની નળીકામાં લીકેજ / ગંદા પાણીની ફરીયાદ બાબતે તાકીદે સંબધિત વિભાગને જાણ કરી તેમનાં સંપર્કમાં રહીને તાકીદે લીકેજ દુરસ્તીનું કામ કરાવવું અને પ્રફોર્મા મુજબ રીપોર્ટ કરવો. પાણીના લીકેજ / ગંદા પાણીની, ડહોળા કે વાસવાળા પાણીની ફરીયાદ અંગે તાકીદે પગલા લેવા. લીકેજ શોધીને રીપેર કરવાની કામગીરી યુધ્ધના ધોરણે કરવી.

- ★ પાણી ખાતાના સંપર્કમાં રહી અસરગ્રસ્ત વિસ્તારમાં પીવાનાં પાણીનું ટેન્કર મંગાવી પાણી પુરું પાડવું. આવી કામગીરી જયાં સુધી મ્યુનિસિપલ વોટર સપ્લાય લાઈનમાં શુધ્ધ પાણી ન આવે ત્યાં સુધી ચાલુ રાખવી.
- ★ ગંદા પાણીની ફરિયાદવાળા વિસ્તારની પાણીની લાઈન તાકીદે કાપી નાખવી અને ગંદુ પાણી સપ્લાય ન થાય અને તે પીવાના ઉપયોગમાં ન લેવાય તેની કાળજી રાખવી.
- ★ લીકેજ / ગંદા પાણીની ફરિયાદ અને પાણીની લાઈન રીપેર થયા અંગેની માહિતીનું રજીસ્ટર રાખવું અને રોજેરોજની વિગતો કોમ્પ્યુટરમાં સાચવવી. જવાબદાર કર્મચારી / અધિકારીએ આ રજીસ્ટર રોજે રોજ ચેક કરવું.
- ★ પાણીના નિયત નમુના લઈ બેકટેરીયોલોજીકલ / વાયરલ પૃથ્થકરણ માટે મોકલવા તથા રિર્પોટની નકલ આરોગ્ય વિભાગની કચેરીએ મોકલવી.
- ★ પાણીની લાઈનનાં લીકેજ રીપેરની કામગીરી ત્વરીત અને રાઉન્ડ ધી કલોક ચાલુ રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૧૨) જાહેર પરબોનાં પાણીમાં કલોરીનની ગોળીઓ વપરાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૧૩) પાણીના પાઉચ તથા **BIS** માર્કા વગરની પાણીની બોટલનો ઉપયોગ સદંતર બંધ કરવો.

(૧૪) વોર્ડ વિસ્તારમાં વેચાણ કરવામાં આવતા ફળફળાદિનું ચેકીંગ હાથ ધરવુ અને બગડેલા / સડેલા ફળફળાદિનો તાત્કાલીક નાશ કરાવવાની કામગીરી કરવી.

(૧૫) ખાણી પીણીની લારી–

- ★ ખાણી પીણીની લારીઓનું ચેકીંગ સઘન કરવુ તથા લારી પર અપાતા પીવાના પાણીના નમૂના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવા તથા આવા પાણીનાં કલોરીન ટેબલેટનો ઉપયોગ કરાવવો.
- ★ ખાણીપીણીની લારીઓના ખાદ્ય પદાર્થો ફલાય પ્રુફ જાળીથી ઢાંકેલા રાખવાની ફરજ પાડવી.
- ★ ખાણીપીણીની લારીની આજુબાજુ સ્વચ્છતા રહે તેની કાળજી રખાવવી.
- ★ ડીસ્પોઝેબલ ગ્લાસ કે ડીસ (પ્રતિબંધિત પ્લાસ્ટીક અને થર્મોકોલ સિવાયની)નો ઉપયોગ ફરજીયાત કરાવવો.

(૧૬) ઠડાં પીણાની લારી જેવી કે, બરફના ગોળા, શેરડીનો રસ–

- ★ બરફના ગોળા, રંગબેરંગી શરબત, કુલ્ફી, પ્લાસ્ટિક કોથળીમાં પેપ્સી જેવા પીણા વેચતી સંસ્થાઓનું સઘન ચેકીંગ કરવું અને જરૂરી જણાયે નમુનાં લઈ ચકાસણી માટે મોકલવા.
- ★ બરફ બનાવતી ફેકટરીઓના પાણીનું ચેકીંગ નિયમિત સમયે કરવું અને તે પાણીના નમુનાં લઈ લેબોરેટરી ટેસ્ટ કરાવવા.
- ★ શેરડીના રસનાં કોલાવાળા ફકત ડીસપોઝેબલ ગ્લાસનો જ ઉપયોગ કરે તેવા પગલા લેવા અને શેરડીનો કૂચો કોથળામાં રાખવા સૂચના આપવી. આવી જગ્યાએ માખીનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રખાવવી.

(૧૭) જાહેર સમારંભ, મેળાવડા કે લગ્ન પ્રસંગે અથવા વધુ વ્યકિતઓ એકત્ર થાય તેવી જગ્યાએ પાણીના સંગ્રહ તથા પાણીના વિતરણની વ્યવસ્થા તપાસવી. ખાણીપીણીની ચીજવસ્તુઓ ''દુષિત'' ન થાય તેની કાળજી રાખવા જણાવવું.

(૧૮) સેન્ટીનલ સેન્ટર તરીકે નિયત કરેલ પ્રાઈવેટ મેડીકલ પ્રેકટીસનર્સ પાસેથી રોજેરોજ પાણી જન્ય અને પાણી સંલગ્ન તથા અન્ય રોગને લગતી માહિતી એકત્રિત કરી સ્ટેટેસ્ટીકલ વિભાગ (મુખ્ય કચેરી) ને પહોંચાડવી તથા આવા પ્રાઈવેટ મેડીકલ પ્રેકટીશનર સાથે સતત સંપર્ક જાળવી રોગચાળાની માહિતીનું મોનીટરીગ કરવું.

(૧૯) ઘન કચરાનો સુકા અને ભીના કચરા અને ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટમાં વર્ગીકરણ કરી નિકાલ, ન્યુસન્સ સ્પોટ સફાઈ અંગે પૂરતું ધ્યાન આપવું અને જરૂરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.

(૨૦) તમામ મટન તથા બીફ / ફીશ અને શાકભાજી / ફ્રુટ માર્કેટોમાં જરૂરી સાફ–સફાઈ કરાવવી તથા જંતુનાશક દવા, એસીડ, ફીનાઈલ વિગેરેથી ધોવડાવવા તેમજ માર્કેટમાં વેચાતા અખાદ્ય પદાર્થોનો નાશ કરવો.

(૨૧) એન્ટી ફલાયને લગતી તમામ કામગીરી ઘનિષ્ઠ બનાવવા માટે દરેક સેનેટરી વોર્ડ વિસ્તારમાં પ્રોપર સેનીટેશન મેઈન્ટેઈન કરવાનું રહેશે, માખીના ઉત્પત્તિ સ્થાનોમાં કચરાપેટી / ન્યુસન્સ સ્પોટ, ગાર્બેજ, છાણના ઉકરડા અને ડિસ્પોઝલ સાઈટ જેવા સ્થાનોને અનુલક્ષીને સંલગ્ન કામગીરી કરાવવી.

(૨૨) માર્કેટ વિસ્તારમાં ઘનિષ્ઠ સાફ સફાઈ નિયમિત કરાવવી તથા માખીનાં ઉત્પત્તિ સ્થાનોને ઘટાડવા જંતુનાશક દવાનો ઘનિષ્ઠ ઉપયોગ કરવો.

(૨૩) મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ ડીસ્પોઝેબલ સાઈટ, મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ ટ્રાન્સફર સ્ટેશન વિગેરે સ્થળોથી વર્ગીકૃત કચરાનો આખરી નિકાલ નિયમિત પણે કરાવવો, અને કચરાનો નિકાલ થયા બાદ આસપાસના વિસ્તારોમાં નિયમિત પણે જંતુનાશક દવાનો છંટકાવ કરાવી માખીનો ઉપદ્રવ ન થાય તેની તકેદારી રાખવી.

(૨૪) સી એન્ડ ડી વેસ્ટનો વહીવટ વસુલાત લઈ યોગ્ય નિકાલ કરવો.

(બ) ખાદ્ય/ અખાદ્ય પદાર્થનું ચેકીંગ :–

તમામ ફુડ સેફટી ઓફિસરે નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી સંસ્થાઓનું ચેકીંગ કરી બિન આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવો.(એકશનઃ **Ch.FSO/Dy. MOH**)

(૨) ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ અને લારી–ગલ્લાઓ પેપર ડીશ અને પેપર કપ વાપરે તેવી સૂચના આપવી.(એકશનઃ **Dy. MOH**)

(૩) ખાદ્ય પદાર્થોનાં વેચાણ કરતા લારી/ગલ્લાઓનું ચેકીંગ કરીને જરૂરી પગલાં લઈ ખાદ્ય પદાર્થોની કવોલીટી મેઈન્ટેઈન કરવા કાર્યવાહી કરવી. જરૂર જણાય તો એવા અખાદ્ય પદાર્થોનો નાશ કરવો તથા વેચાણ બંધ કરાવવુ. (એકશનઃ**Dy. MOH**)

(૪) ખાદ્યપદાર્થો બનાવતી કે વેચાણ કરતી તેમજ બરફ અને ઠંડા પીણા બનાવતી ફેકટરીમાં ફકત કલોરીનેટેડ પાણીનો જ ઉપયોગ કરાવવા લેખિત સૂચના આપી તેનું અવાર– નવાર ચેકીંગ કરવું અને પાણીનાં સેમ્પલ લઈ લેબોરેટરી તપાસ કરાવવી તથા પેકેજ ડ્રીંકીંગ વોટરની સંસ્થાઓનાં બી.આઈ.એસ.નાં ધારા ધોરણ સંદર્ભે તપાસ કરી જરૂરી પગલા લેવા. (એકશનઃ **Ch.FSO**)

(૫) ખાદ્યપદાર્થોની કવોલીટી એફ.એસ.એસ.એકટ–૨૦૦૬ ના રૂલ્સ–રેગ્યુલેશન મુજબ મેઈન્ટેઈન થાય તે બાબતે ખાદ્યપદાર્થો વેચાણ કરતી સંસ્થાઓના માલિકને લેખિત નોંધ / ચેતવણી/ નોટીસ આપવી. આ માટે નિયત નમૂનાઓ લેવા. લાયસન્સીંગ કન્ડીશન પ્રમાણે ચેકીંગ કરી ફરીયાદો મુકવી અને લાયસન્સીંગ કન્ડીશનનો અમલ થાય તેની વ્યવસ્થા કરવી.(એકશનઃ**Ch.FSO**)

(૬) રેસ્ટોરન્ટ અને હોટેલોમાં હાઈજીન સંદર્ભે ઘનિષ્ઠ ચેકીંગ કરી હોટેલ ગ્રેડેશન સંદર્ભે આનુષંગિક કાર્યવાહી કરવી.(એકશનઃ **Ch. FSO/Dy.MOH**)

(ક) વોટર કવોલીટી મોનીટરીંગ :–

(૧) ગંદા પાણીની ફરિયાદ આવતા વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરવાની રહેશે સાથોસાથ આવા વિસ્તારોમાં કલોરીન ગોળીઓનું વિતરણ પણ કરવાનું રહેશે.

(૨) આરોગ્ય સેનીટેશન વોર્ડ ઓફિસ દ્વારા દુષિત/ગંદા/ગંધ આવતા પાણીની ફરિયાદ અન્વયે લાગત વિસ્તારોમાંથી લેબ ટેસ્ટીંગ માટે પાણીના નમુનાઓ લેવાના રહેશે.

(૩) ગંદા પાણીની ફરિયાદ અંગે પાણીની લાઈનમાં લીકેજ, ભંગાણ હોય તો જે તે વિભાગના સંપર્કમાં રહીને તાકીદે ફરિયાદનું નિરાકરણ કરવાનું રહેશે.

(૪) ગંદા પાણીની ફરિયાદ બાબતે જનજાગૃતિ આવે તે માટે પ્રસાર–પ્રચાર કરાવવાનો રહેશે.

(૫) પાણીની ફરિયાદ આવતા વિસ્તારોના આરોગ્ય કેન્દ્રો તથા પ્રાઈવેટ હોસ્પિટલમાં જો કોઈ કેસ જણાય તો ત્વરિત તે સંદર્ભે થયેલ કામગીરીનું રીપોર્ટીંગ મુખ્ય કચેરી ખાતે કરવાનું રહેશે.

(ડ) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ :–

(૧) રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન થી ફાઈનલ ડીસ્પોઝેબલ સાઈટ ઉપર સ્વચ્છતાનું ઉચ્ચતમ ધોરણ જળવાયએ પ્રમાણે કામગીરી કરવી.

(૨) રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન થી ફાઈનલ ડીસ્પોઝેબલ સાઈટ ઉપર કચરાના ટ્રાન્સપોર્ટેશન દરમિયાન કચરો રસ્તામાં નહી પડે તે મુજબની ઘનિષ્ઠ કામગીરી કરવી.

(૩) તમામ ઝોન ખાતે રાત્રિ સફાઈ માટે વપરાતા સ્વીપીંગ મશીન સુચારૂ રૂપે કામ કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૪) રૂદરપુરા ડેપો ખાતે સાફ સફાઈના સાધનો પૂરતી માત્રામાં રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

Water Contamination
Complain(From Any Sources)
Water Born Diseases
Affected Area
Surveillance activities
Dy Moh Shri/Moh Shri
Mobile/Medical Van
House to house survelliance
Sample for surveillance
Contact treatment
Opd Treatment
Referral
Rapid Survey to find out cases
ORS Distribution
chlorine tab distribution
Awarness to community
Hospital admission and follow up
Action taken by health department
at contaminated areas
Water Sample Taken By
Ward offices(Health Department)
Hydrulic Deparment(Zone)
Analysis By Water Works
Lab
Reporting
Hydraulic Health
Zonal Chief
DCHH
Commissioner
Action Taken By Zonal
Officer At Contaminated Areas
Cut off water supply
Procisional of drinking water by tankers
Hydraulic Department
Diction of fault
Repair/rectify pipeline fault
Water

<u>માર્કેટ અમલદારે નીચે મુજબની કામગીરી કરાવવી.</u>

(૧) મ્યુનિસિપલ સંચાલિત સલાબતપુરા અને રાંદેરના કતલખાનાનું નિરિક્ષણ, નિયમન, નિયંત્રણ, દરરોજને લગતી સાફ સફાઈ, ડિશઈન્ફેકશન તથા કતલખાનાઓ અને માર્કેટોમાંથી નિકળતું ઓફેલનું સમયસર નિકાલ કરાવવાની વ્યવસ્થા ગોઠવવી.

(૨) માર્કેટખાતા તાબા હેઠળના ઢોર ત્રાસ અંકુશ વિભાગ મારફત સુરત શહેરના મુખ્ય માર્ગો અને અંતરિયાળ રસ્તાઓ ઉપર રખડતા અને ટ્રાફિકને અડચણરૂપ ઢોરોને પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવાની કામગીરી અને પશુમાલિકો દ્વારા પુરાયેલા ઢોરોને પરત મેળવવાનો દાવો કરવામાં કરવાની રહેતી કાયદેસરની કાર્યવાહી.

(૩) મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરાયેલા જાનવરો પૈકી માલિકો દ્વારા પરત ન મેળવેલા નધણિયાત ઢોરોને આજીવન રખરખાવ અને નિભાવ માટે પાંજરાપોળને સુપ્રત કરવાની કામગીરી.

(૪) સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં ફરજ બજાવતા નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓને જાનવરોની થતી ગેરકાયદેસર કતલ અને પરવાના વગર માંસનું વેચાણ બાબતે મળતી ફરીયાદોનો સંતોષકારક નિકાલ માટે માર્કેટખાતાની મુખ્ય કચેરીથી આપવાનો રહેતો સાથ સહકાર તેમજ આવા કૃત્યનું કાયમી રોકવા અંગે કાયદાકીય માર્ગદર્શન.

(૫) મ્યુનિસિપલ માર્કેટો, કતલખાનાઓ, વેટનરી ફૂડ હાઈજીન અને પબ્લીક હેલ્થ, મ્યુનિસિપલ ઢોર ડબ્બાઓ, ABC Program વગેરેને લગતી નિતી–વિષયક કામગીરી.

<u>શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસુતિગૃહ તેમજ શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા મેડીકલ ઓફિસરોએ નીચે મુજબની કામગીરી કરવી.</u>

(૧) પાણી સંલગ્ન તથા પાણીજન્ય રોગનાં વધુ પડતા કેસો જો એક જ વિસ્તારમાંથી આવતા માલુમ પડે તો તાકીદે તેની જાણ ફોન / રૂબરૂ નાયબ આરોગ્ય અધિકારી (ઝોન/વેકસીન બ્રાંચ) ને એ જ દિવસે કરવી તથા લેખિતમાં વિસ્તૃત રીપોર્ટ પણ કરવો.

(૨) ઝાડા ઉલ્ટીના દર્દીને જો ડીહાઈડ્રેશન જણાય તો તેઓને શહેરના સામુહીક આરોગ્ય કેન્દ્ર/૫૦ બેડની હોસ્પિટલમાં સ્મીમેર/ મસ્કતિ હોસ્પિટલ માં દાખલ કરાવવા. જે તે હોસ્પીટલનાં મેડિકલ ઓફિસરે આવા કેસોમાં શંકાસ્પદ કોલેરા કેસ જણાય તો ઝાડા(**ST00L**)ની બેકટેરીયોલોજીકલ/કલ્ચર તપાસ કરાવવી.

(૩) સ્મીમેર/ મસ્કતી હોસ્પીટલ નાં આર.એમ.ઓ. અને શહેરી આરોગ્ય કેન્દ્ર તથા વેકસીન વિભાગ અને પ્રસુતિગૃહ તેમજ શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરોએ સંભવિત રોગચાળાને પહોંચી વળવા માટે જરૂરી તમામ દવાઓ પૂરતા જથ્થામાં રાખવાની વ્યવસ્થા કરવી.

(૪) જે તે મેડિકલ ઓફિસરે તેમના વિસ્તારમાં આવેલ સેન્ટીનલ સેન્ટર (પ્રાઈવેટ પ્રેકટીશનર) ની માહિતી દરરોજ મળી રહે તેવી વ્યવસ્થા કરવી તથા પખવાડીયે એક વખત સેન્ટીનલ સેન્ટરની મુલાકાત લઈ રોગચાળાની જાણકારી મેળવવી.તમામ મેડીકલ ઓફિસરોએ ધી બાયો મેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ અનુસાર બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ વ્યવસ્થિત રીતે કેટેગરી પ્રમાણે કરાવવો તથા તે અંગેનું રજીસ્ટર નિયમિત રીતે નિભાવવુ.

(૫) ઉનાળા દરમ્યાન લૂ થી બચવા સંદર્ભે જનજાગૃતિ કેળવવા વિવિધ માધ્યમો થી પ્રસાર–પ્રચાર નાયબ આરોગ્ય અધિકારી (વેકસીનેશન બ્રાંચ)ના સીધા સંપર્કમાં રહી કરાવવો.(એકશનઃ નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ)

શાળાઓ, કોલેજો, આંગણવાડી કેન્દ્રો ખાતે પાણીજન્ય રોગચાળા તથા લૂ થી બચવા સંદર્ભે જનજાગૃતિ અભિયાન કરવું.

<u>એપેડેમીક કંટ્રોલ સર્વેલન્સની ટીમોએ નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી કરાવવાની રહેશે.</u>

(૧) વિવિધ રોગોની સર્વેલન્સની કામગીરી, કલોરીન ટેબલેટનું વિતરણ કરવું.

(૨) ટીમ સુપરવાઈઝરે મ્યુ. વોટર સપ્લાય હોય તો કલોરીન ટેસ્ટ કરવા તથા બેકટેરીયોલોજીકલ / કેમીકલ ટેસ્ટ માટે પાણીના નમુના લેવા તથા લેબોરેટરીમાં પહોંચતા કરવા.

(૩) કમળો, ઝાડા, ઉલ્ટીના કેસોમાં હીસ્ટ્રી ફોર્મ જે તે ટીમના સુપરવાઈઝરે સર્વે વર્કર પાસેથી મેળવી ચકાસણી કરી નિયત નમુનામાં રીપોર્ટીંગ કર્યા બાદ વેકસીનેશન બ્રાંચમાં ચીફ સેનેટરી ઈન્સ્પેકટરને પહોંચાડવાના રહેશે આ દૈનિક કામગીરીનો રીપોર્ટ પ્રોપર ચેનલ થ્રુ આરોગ્ય અધિકારીશ્રીને જાણ હેઠળ મોકલવાનો રહેશે.

(૪) આરોગ્ય શિક્ષણ અને પ્રચાર પત્રિકાઓની વહેંચણી કરવી, કામગીરી માટે જરૂરી પ્રચાર પત્રિકાઓ, સાહિત્ય વિગેરે વેકસીનેશન બ્રાંચમાંથી મેળવવાની રહેશે.

(૫) મેડીકલ ઓફિસરની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વે માટે જરૂરી દવા, ફોર્મ્સ મેળવી વિસ્તારમાં જઈને ઘેર ઘેર ફરીને વિવેકપૂર્ણ પ્રશ્નો દ્વારા સચોટ નિરાકરણ દ્વારા કુંટુંબના સભ્યોનું આરોગ્ય, રહેણીકરણી, સ્વચ્છતા, વ્યસન તથા વિવિધ રોગ વિશેની વિગતવાર માહિતી મેળવી, રોગ અટકાયતી પગલા, બાળ રોગો, બાળકોના રસીકરણ માટે માહિતી પુરી પાડવી.

પ્રકરણ –૭

વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ

એડીશનલ જંતુનાશક અધિકારીએ નીચે મુજબની કામગીરી કરાવવી.

૧. તેઓને સોંપવામાં આવેલ વિવિધ ઝોન વિસ્તારોમાં ઝોનનાં સ્ટાફ દ્વારા થતી કામગીરીનું સુપરવિઝન કરી જરૂરી માર્ગદર્શન કરી કામગીરી પરીણામલક્ષી બનાવવી.
૨. ઝોનની વી.બી.ડી.સી.વિભાગને લગતી કામગીરીનું ઓવરઓલ સુપરવિઝન/મોનીટરીંગ કરી વાહકજન્ય રોગચાળામાં થતાં અસાધારણ ફેરફારોને ધ્યાને લઈ નિયંત્રણ માટે તમામ પગલાંએ તાકીદે હાથ ધરાય તે સુનિશ્ચિત કરાવવું તેમજ હેડકવાર્ટર લેવલે થતી એન્ટોમોલોજીકલ, ક્રોસ ચેકીંગ, પ્લેગ સર્વેલન્સ, સ્ટોર, સેન્ટ્રલ લેબ તેમજ રીપોર્ટીંગ કામગીરી સમયસર, અસરકારક અને પરીણામલક્ષી બને તે સુનિશ્ચિત કરાવવું.

આસી. જંતુનાશક અધિકારીએ નીચે મુજબની કામગીરી કરાવવી
૧. આસી.જંતુનાશક અધિકારીએ તેમને સોંપવામાં આવેલ ઝોનમાં, ઝોનની સંરચનાને ધ્યાને લઈ વી.બી.ડી.સી. વિભાગને લગતી તમામ ક્ષેત્રીય તથા વહીવટી કામગીરીનું આયોજન, અમલીકરણ નિર્ધારીત માપદંડો મુજબ યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ઝોન વિસ્તારમાં વાહક જન્ય રોગ નિયંત્રણ માટે હાથ ધરવામાં આવતી એકટીવ સર્વેલન્સ, એન્ટી લાર્વલ, એન્ટી એડલ્ટ વિગેરે કામગીરીનું સમયાંતરે સુપરવિઝન કરી પોતાના યોગ્ય ઈનપુટ આપી અસરકારક અને પરિણામલક્ષી બનાવવાની રહેશે.
૨. ઝોન વિસ્તારમાં વાહકજન્ય રોગોની સ્થિતિનું આકલન કરવા ઝોન વિસ્તારનાં ખાનગી દવાખાના/હોસ્પિટલ/લેબોરેટરી સાથે સંકલન કરી વિગતો મેળવી તેનુ વિગતે વર્ગીકરણ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયંત્રણ અંગેનાં પગલાં હાથ ધરી તે પરીણામલક્ષી બને તે યોગ્ય કાર્યવાહી કરવી.

(અ) વાહકજન્ય રોગ નિયંત્રણ માટે કરવા જોગ જુદીજુદી કામગીરી :

૧.એન્ટીલાર્વલ કામગીરી :–

૧.૧ એન્ટીલાર્વલ સુપરવાઈઝર પોતાને સોંપવામાં આવેલા વિસ્તારમાં મચ્છરોના ચાલુ તેમજ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની મોજણી કરી તેનું મેપીંગ કરી અને ખરેખર જરૂરીયાત મુજબનાં ફિલ્ડ વર્કરોની ટીમ બનાવી તેમાં દર અઠવાડીયે જરૂરીયાત મુજબ સોર્સ રીડકશન/ બાયોલોજીકલ/ કેમીકલ કંટ્રોલથી મચ્છરોની ઉત્પત્તિ રોકવાની કામગીરી કરાવવાની રહેશે.
૧.૨ પોતાની માલિકીની/ભોગવટા હેઠળના ઘર/મિલકતમાં મચ્છરોની ઉત્પત્તિ થઈ શકે તેવી પ્રકારની નિષ્કાળજી દાખવતા ઈસમોની સામે ધી બી.પી.એમ.સી. એકટમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબની પ્રોસીકયુશનની કામગીરી કરવાની રહેશે. (એકશન :PHW, SSI, SI AIO,)

૨.એન્જીનીયરીંગ મેઝર્સ :–

૨.૧ જો મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોનું એનવાયરોન્મેન્ટલ મેનીપુલેશન તથા મોડીફીકેશન જેમ કે ખુલ્લી ટાંકીઓને હવાચુસ્ત રીતે બંધ કરવી/ પાણીનાં ભરાવા થાય તેવી જગ્યાઓને કવર કરવી અને ખુલ્લા પ્લોટ કે જેમાં પાણી ભરાવાની શકયતા રહેલી હોય તેવા પ્લોટોમાં માટી પુરાણ

કરવુ તથા નીક પાડવી. મકાનોનાં ધાબા પર ખુલ્લી જગ્યાઓ પર પાણીનો ભરાવો થવાની શકયતા હોય તેવા નકામા પાત્રોનો નિકાલની (સોર્સ રીડકશન) કામગીરી કરવી. (એકશનઃ PHW, SSI, SI, AIO, JE, DE, ZO)

૨.૨ ઝોન વિસ્તારમાંથી પસાર થતી ખાડીઓ તેમજ કુદરતી વહેણનાં સ્ત્રોતો અને ઓપન ડ્રેનેજનાં ડ્રેજીંગ / ડીસીલટીંગની કામગીરી

૨.૩ સ્ટ્રોમ વોટર, ઈનલેટ ચેમ્બરની સફાઈ વિવિધ એસ.ટી.પી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, બાગબગીચા, વાહનડેપો, દબાણ ડેપોનાં ભંગારનો સમયમર્યાદામા નિકાલની કામગીરી

૨.૪ ચોમાસાની સીઝન દરમ્યાન ખુલ્લા પ્લોટો કે જેમાં માટીપુરાણ કે નીકથી પાણીનો નિકાલ શકય ન હોય તેવા પ્લોટોમાં ડી–વોટરીંગ પંપ ધ્વારા પાણીનાં નિકાલની કામગીરી

૩.<u>બાયોલોજીકલ મેજર્સ</u> :–

૩.૧ તમામ ઝોન વિસ્તારમાં વધુ માછલી ઉછેર કેન્દ્રો (Hatchery Centre) વિકસાવવા અને મેઈન્ટેઈન કરવા તેમજ તેમાં પુરતા પ્રમાણમાં માછલી રહે તેનુ મોનીટરીંગ કરવાનું રહેશે.(એકશન : SI, SSI, AIO).

૩.૨ પરમેનન્ટ તેમજ ટેમ્પરેરી બ્રિડીંગ સ્પોટ કે જેમાં પોરાભક્ષક માછલી જીવી શકતી હોય તો તેમાં પોરાભક્ષક માછલી વડે જ જૈવિક નિયંત્રણ કરવું અને સમયાંતરે મોનીટરીંગ કરવું.

૩.૩ રેલ્વે વોશીંગ યાર્ડ, એસ.ટી.ડેપો, અન્ય સરકારી/અર્ધસરકારી પ્રિમાઈસીસનું સર્વે કરી વાહકજન્ય રોગ નિયંત્રણ સંબંધી તેમજ મચ્છરજન્ય પરિસ્થિતિ સંબંધી કાર્યવાહી માટે જે તે પ્રિમાઈસીસનાં નિર્ધારીત નોડલ ઓફિસરનો સંપર્ક કરી જરૂરી જણાયે નોટીસ ઈસ્યુ કરી કામગીરી કરાવવી અને જરૂર જણાય આંતર ખાતાકીય મીટીંગનું આયોજન કરી કાર્યવાહી કરવાની રહેશે. (એકશન SI, SSI, AIO, Dy.Moh, XE)

૩.૪ ચોમાસાની સીઝન દરમ્યાન ખુલ્લા પ્લોટો કે જેમાં માટીપુરાણ કે નીકથી પાણીનો નિકાલ શકય ન હોય તેવા પ્લોટોમાં ગપ્પી ફીશ રીલીઝની કામગીરી

૪.<u>એકટીવ સર્વેલન્સ તેમજ ઈન્ટ્રાડોમેસ્ટીક એન્ટીલાર્વલ કામગીરી</u> :–

૪.૧ સર્વેલન્સ વર્કરે પોતાનાં કાર્યક્ષેત્રનાં વિસ્તારમાં પોપ્યુલેશનના જાન્યુઆરી થી જુન ૧.૫% અને જુલાઈથી ડિસેમ્બર ૨% પ્રમાણે સ્લાઈડ કલેકશન કરવાનુ રહેશે. (એકશન : AIO)

૪.૨ મેલેરીયા સર્વેલન્સ વર્કરે દરેક ઘરમાં મેલેરીયા તાવના શંકાસ્પદ કેસોની નોંધ કરવી તથા પોતાના રજીસ્ટરમાં નોંધવાની રહેશે. તેમજ નજીકમાં આવેલ શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસર પાસે મોકલી આપવાના રહેશે.

૪.૩ સર્વેલન્સ વર્કરને સોંપવામાં આવેલ ૧૦૦૦૦ વસ્તીમાં ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વેની કામગીરી પખવાડીક ધોરણે કરવાની રહેશે, તથા સોંપવામાં આવેલ વિસ્તારમાં ખુલ્લી ટાંકીઓ તથા મોસ્કીટોજેનીક કંડીશન ધરાવતા ઘરોની યાદી બનાવીને પોતાની વર્કડાયરી સાથે અચુક રાખવાની રહેશે તેમજ આગળની કાર્યવાહી અર્થે SSI/SI ને આપવાની રહેશે તેમજ તેનું સતત ફોલો અપ કરવાનું રહેશે. પીવાનાં પાણી સિવાય તમામ પાણી સંગ્રહ સ્થાનોમાં Temephos ની સારવાર આપવાની રહેશે. (એકશન : PHW, MPHW, SSI, SI, AIO)

૪.૪ દરેક મેલેરીયા પોઝીટીવ કેસનાં દર્દીને મળીને રૂબરૂમાં નિયત કરેલ ડોઝમાં આર.ટી.આપવાની રહેશે તેમજ નિર્ધારીત ગાઈડલાઈન મુજબ મેલેરીયા પોઝીટીવ કેસનું ફોલોઅપ કરવાનું રહેશે અને તેની વિગતો નિભાવવાની રહેશે. (એકશન : SSI, SI, AIO)

૫.<u>એન્ટીએડલ્ટની કામગીરી</u> :–

૫.૧ જેમીની સોફટવેર / એકટીવ સર્વેલન્સ અને પેસીંગ સર્વેલન્સમાંથી મળી આવતા મેલેરીયા / ડેંગ્યુંના પોઝીટીવ કેસનાં વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરવાની રહેશે. (એકશન : AIO)

૫.૨ દરેક મેલેરીયા/ડેન્ગ્યુ/ચિકુનગુનિયા પોઝીટીવ કેસનાં ઘરની અંદર તેમજ આજુબાજુનાં ૫૦ ઘરોમાં અસરકારક ફોગીંગની કામગીરી કરાવવી તથા તેનું રજીસ્ટર નિભાવણીની કામગીરી (એકશન : AIO)

પ.ઉ જે તે વિસ્તારનાં મ્યુ.સભ્યશ્રી/સામાજીક કાર્યકરો, અગ્રગણ્ય નાગરિકો તથા સુરત મહાનગરપાલિકાની ગ્રીવન્સ રીસ્ડન્સ સીસ્ટમ ધ્વારા મળતી ફરીયાદોનાં સંદર્ભે લાગત વિસ્તારમાં અસરકારક ફોગીંગ અને ઈન્ટ્રાડોમેસ્ટીક તેમજ પેરીડોમેસ્ટીકની કામગીરી કરાવવાની રહેશે. (એકશન : AIO)

૬.<u>જનજાગૃતિ અભિયાન :–</u>

૬.૧ જાહેર જનતામાં જનજાગૃતિ આવે અને મચ્છરની ઉત્પત્તિજન્ય પરિસ્થિતિ પેદા ન થાય એ માટે પબ્લીક હેલ્થ એજયુકેશનનાં પગલારૂપે કોલેજો, સ્કૂલો, મેળા જેવા જાહેર સ્થળો તેમજ મહિલા મંડળ કે જયાં ગૃહિણીઓ હાજર હોય, આંગણવાડી, સ્વૈચ્છિક સંસ્થાઓ, એન.જી.ઓ., ઈન્ડીયન મેડીકલએસોસીએશન, જનરલ પ્રેકટીશનર્સના સંપર્કમાં એમના વિસ્તારોમાં મેલેરીયા વર્કશોપનુ આયોજન કરી મચ્છરના જીવનચક્ર વિશે લાઈવ ડેમોસ્ટ્રેશન કરીને સમજણ આપવાની રહેશે. આગામી જુન માસમાં શહેરના જુદા–જુદા અગત્યનાં જાહેર સ્થળોએ મેલેરીયા સામે સાવચેતીનાં લેવા જોગ પગલા દર્શાવતા બેનર્સ તેમજ પોસ્ટરો લગાડવાના રહેશે. સ્થાનિક વર્તમાનપત્રોમાં અવાર નવાર સામાન્ય જનતા સમજી શકે એ રીતની મેલેરીયા અટકાયત અંગેની માહિતી દર્શાવતી જાહેરાત આપવાની રહેશે, અને પ્રચાર ગાડીઓ દ્વારા શહેરનાં વિવિધ વિસ્તારોમાં જનજાગૃતિ અંગેનો પ્રચાર કરવાનો રહેશે. સ્લમ વિસ્તારોમાં પપેટ શો તેમજ શેરી નાટકોનું આયોજન કરી મચ્છરજન્ય રોગોના અટકાયત અંગેની માહિતી આપવી. (એકશન : I/C IO, AIO,Dy.MOH)

૭.<u>રોડન્ટ અને ફલી કંટ્રોલની કામગીરી :</u>

૭.૧ ઉંદરોનું પ્રમાણ જે વિસ્તારમાં વધુ હોય તે વિસ્તારમાં ટ્રેપીંગ કરવાનું રહેશે.(એકશન : SSI, SI, AIO)

૭.૨ ટ્રેપીંગ કરેલ વિસ્તારમાં બીજા દિવસે મેલેથીયોન ૫% થી રેટબરોઝમાં ડસ્ટીંગ કરવાનું રહેશે.(એકશન : SSI, SI, AIO)

૭.૩ જયાં ફલી ઈન્ડેક્ષ ઉંચો જણાય તે વિસ્તારમાં ઘનિષ્ઠ કામગીરી કરાવીને ફલી ઈન્ડેક્ષ નીચે લાવવાનો રહેશે. (એકશન :SSI, SI, AIO)

૭.૪ દર મહિને રોડન્ટના વિસરા અને સીરાના સેમ્પલ ટેસ્ટીંગ માટે N.I.C.D. દિલ્હી મોકલવાના રહેશે અને તેની જાણ અધિક નિયામક (એપી.), ગાંધીનગરને કરવાની રહેશે. (એકશન : IO)


૭.૫ દરેક વોર્ડ ઓફિસમાં તથા યુનિટ ઓફિસોમાં જંતુનાશક દવાનો પુરતો સ્ટોક રાખવાનો રહેશે, ઉપરાંત સ્ટોક અંગેનાં તમામ રજીસ્ટરો જાળવવા(એકશન : AIO, AD.IO, IO, Dy.MOH)


૮.<u>એન્ટોમોલોજીકલ એકટીવીટી</u>

૮.૧ તમામ ઝોનમાંથી કલેકટ કરવામાં આવતા મોસ્કીટો સ્પીસીસનું આઈડેન્ટીફીકેશન, મેલેરીયા વેકટર ડેન્સીટી, ફાઈલેરીયા વેકટર ડેન્સીટી, એડીસ વેકટર ડેન્સીટી, જનરલ મોસ્કીટો ડેન્સીટી ની ગણતરી કરી અસરગ્રસ્ત વિસ્તારોની જાણ જે તે ઝોનને કરવાની કામગીરી એન્ટોમોલોજીકલ ટીમે કરવાની રહેશે, તેમજ જંતુનાશક દવાની અસરકરતા સંબંધી બાયો એસે, સસેપ્ટીબીલીટી/રેઝીસ્ટન્ટ ટેસ્ટ સમયાંતરે કરવાના રહેશે અને તેની માહિતી દરેક ઝોનનેમોકલવાની રહેશે. (એકશન : AIO HQ, AD.IO, IO).

૮.૨ જંતુનાશક અધિકારીએ ઝોનમાં થતી વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ કામગીરી માટેનુ સંકલન, ટેકનીકલ સપોર્ટ, ટ્રેઈનીંગ વિગેરે આનુસાંગિક કામગીરી કરવાની રહેશે. તેમજ વખતોવખત જે તે સમયે રાજય સરકારને કે અન્યને માહિતી/ચાર્ટ વિગેરે પુરા પાડવા તેમજ વખતોવખત જે તે સમયે જરૂરીયાત મુજબની સુચનાઓ/માહિતી ઝોનને પહોંચાડવાની રહેશે. દરેક ઝોનમાં ઝોનલ વડાશ્રી એમની અઠવાડીક રિવ્યુ મિટીંગમાં આ પગલાઓના અમલવારીની સમીક્ષા કરશે જેનાથી કામગીરી વધુ અસરકારક રહેશે.

HEALTH SERVICES SYSTEM: Organogram




Commissioner
Dy. Commissioner (Health & Hospital)
Medical Officer of Health
Dy. Medical Officer of Health (Zone)
Insecticide Officer
Plague Surveillance Unit
Cross Check Team
Insect Collectors
Lab. Tech.
Addi.Insecticide Officer
Asst. Insecticide Officer (Zone)
Sanitary Inspector
Sanitary Sub Inspector
Primary Health Worker
Surveillance, Anti-larval, Biological Measures, Anti - Adult:- Fogging, IEC, Health Education, Anti-Fly, Anti - Flea, Flea Control, Dengue control activity,
Filaria:- Night survey, MDA, Bylaws Implementation, Inter Sectoral Co - ordination.

પ્રકરણ–૮

એકસ્ટ્રીમ હીટ/ હીટવેવ/ સનસ્ટ્રોક(લુ)

વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્યને હાનિકર્તા છે. ચાલુ વર્ષની શરૂઆતમાં જ દિવસના તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક) ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસર સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે.

લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખુબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે અને તેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી, જે વ્યક્તિના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે.

અસરોઃ-

- શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો
- ખુબ તરસ લાગવી
- ગભરામણ થવી
- ચક્કર આવવા
- શ્વાસ ચઢવો
- હૃદયના ધબકારા વધી જવા

સન સ્ટ્રોક (લુ)થી બચવા જાહેર જનતાને નીચે મુજબ સુચન -

- ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું.
- ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ.
- નાના બાળકો,સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી.
- દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ
- ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લૂછવું.
- ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું.
- માથાનો દુખાવો, બેચેની, ચક્કર,ઉબકા કે તાવ આવે તો તરત જ નજીકના દવાખાના/શહેરી આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર લેવી.
- રાજ્ય કક્ષાએથી મોકલવામાં આવતા હીટવેવ ને લગતા એલર્ટ મુજબ લોકોને સાવધ રહેવા માટે જણાવવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- આ ઉપરાંત જરૂરી દવાઓનો જથ્થો IV Fluids, Ice Packs, ORS તથા અન્ય જીવનરક્ષક દવાઓ અને અન્ય જરૂરી સાધનો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવું તથા દરેક હેલ્થ ફેસીલીટીમાં પીવાના પાણીની પુરતી વ્યવસ્થા તથા ઠંડક જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું.
- શહેરી આરોગ્ય કેન્દ્રમાં શક્ય હોય ત્યાં સોલર પેનલનું સ્થાપન, ઠંડકવાળા ઉપકરણો તથા છત, વિન્ડો શેડ્સ, રેઈન વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ વગેરેનું અનુકરણ કરવા માટે પ્રોત્સાહિત કરવા.
- હીટ વેવ અંગેની IEC તથા શું કરવું અને શું ન કરવુંનો વ્યાપક પ્રચાર થાય તે સુનિશ્ચિત કરવું.

આટલું કરવું -

- હાઈડ્રેટેડ રહો: જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીઓ, પછી ભલે તમને તરસ ન લાગે.
- મુસાફરી કરતી વખતે પીવાનું પાણી હંમેશા સાથે રાખો.
- શરીરમાં પાણીની ઉણપ ન ઉભી થાય તે માટે ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓ.આર.એસ) નો ઉપયોગ કરો અને લીંબુ પાણી, છાસ/લસ્સી, ફળોના રસમાં થોડું મીઠું ઉમેરીને ઘરમાં બનાવી શકાય તેવા પીણાં પીઓ.
- તરબૂચ,નારંગી,દ્રાક્ષ,અનાનસ, કાકડી અન્ય સ્થાનિક રીતે ઉપલબ્ધ હોય તેવા વધુ પાણીવાળા મોસમી ફળો અને શાકભાજી ખાઓ.
- કવર રહો: હળવા રંગના અને પાતળા ઢીલા, સુતરાઉ વસ્ત્રો પહેરો.
- તમારા માથાને ઢાકો સીધા સૂર્યપ્રકાશમાં છત્રી, ટોપી, ટુવાલ અને અન્ય પરંપરાગત માથાને ઢાકી શકાય તેવી વસ્તુનો ઉપયોગ કરો
- તડકામાં બહાર નીકળતી વખતે પગરખા અથવા ચંપલ પહેરો.
- સતર્ક રહો: રેડિયો સાંભળો, ટીવી જુઓ, સ્થાનિક હવામાન સમાચાર માટે સમાચારપત્ર વાંચો. ભારતીય હવામાન વિભાગ (IMD)ની વેબસાઈટ https://mausam.imd.gov.in/ પર હવામાનની જાણકારી મેળવો.
- બને તેટલું ઘરની અંદર/છાયામાં રહો: સારી વેન્ટિલેટેડ અને ઠંડી જગ્યાએ, સીધો સૂર્યપ્રકાશ અને ગરમી ના લાગે તેવી વ્યવસ્થા કરો, દિવસ દરમિયાન બારીઓ અને પડદા બંધ રાખો, ખાસ કરીને તમારા ઘરની સૂર્ય તરફની બાજુએ. ઠંડી હવા આવવા દેવા માટે તેમને રાત્રે ખોલો.
- જો બહાર જવાનું હોય, તો તમારી આઉટડોર એક્ટિવિટીને દિવસના ઠંડા સમયમાં એટલે કે સવાર અને સાંજ સુધી મર્યાદિત કરો.
- દિવસના ઠંડા સમય દરમ્યાન આઉટડોર એક્ટિવિટીને ફરીથી રીશેડ્યૂલ કરો અથવા પ્લાન કરો.
- સંવેદનશીલ વસ્તી માટે કોઈપણ સમયે કોઈપણ વ્યક્તિ ગરમીના તાણ અને ગરમી સંબંધિત બીમારીથી પીડાઈ શકે છે, કેટલાક લોકો અન્ય કરતા વધુ જોખમમાં હોય છે તેમના પર વધારાનું ધ્યાન આપવું જોઈએ.
- શિશુઓ અને નાના બાળકો,બહાર કામ કરતા લોકો,સગર્ભા સ્ત્રીઓ,જે લોકોને માનસિક બીમારી,શારીરિક રીતે બીમાર, ખાસ કરીને હૃદય રોગ અથવા હાઈ બ્લડ પ્રેશર ધરાવતા વ્યક્તિઓ પર વધારાનું ધ્યાન આપવું જોઈએ.
- ઠંડી આબોહવાથી ગરમ આબોહવા તરફ પ્રવાસ કરતા પ્રવાસીઓએ તેમના શરીરને ગરમીને અનુરૂપ થવા માટે એક અઠવાડિયાનો સમય આપવો જોઈએ, વધુ પડતો પરિશ્રમ ટાળવો જોઈએ અને પુષ્કળ પાણી પીવું જોઈએ. ગરમ વાતાવરણમાં એક્સપોઝર/શારીરિક પ્રવૃત્તિમાં ધીમે ધીમે વધારો (૧૦-૧૫ દિવસથી વધુ) દ્વારા અનુકૂલન પ્રાપ્ત થાય છે.
- એકલા રહેતા વૃદ્ધ અથવા બીમાર લોકોની દેખરેખ રાખવી જોઈએ અને તેમના સ્વાસ્થ્યનું દૈનિક ધોરણે નિરીક્ષણ કરવું જોઈએ.
- તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખોલો.
- દિવસ દરમિયાન નીચલા માળ પર રહેવાનો પ્રયાસ કરો
- શરીરને ઠંડુ કરવા માટે પંખો, ભીના કપડા/ટુવાલ, સ્પ્રે બોટલનો ઉપયોગ કરો.
- તડકામાં બહાર નીકળવાનું ટાળો, ખાસ કરીને બપોરે ૧૨:૦૦ થી ૦૩:૦૦ વાગ્યાની વચ્ચે, બપોરે બહાર હોવ ત્યારે સખત પ્રવૃત્તિઓ ટાળો. ખુલ્લા પગે બહાર ન જાવ.
- ઉનાળામાં વધુ ગરમી હોય તેવા સમયે રસોઈ કરવાનું ટાળો. રસોડામાં પૂરતા પ્રમાણમાં હવાની અવરજવર માટે દરવાજા અને બારીઓ ખોલો.
- આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અથવા મોટી માત્રામાં ખાંડવાળા પીણાં ટાળો, વાસ્તવમાં આવા પીણા શરીરને વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે, અથવા પેટમાં ખેંચાણ થઈ શકે છે. વાસી ખોરાક ન ખાઓ

- પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાાણીઓને છોડશો નહીં. વાહનની અંદરનું તાપમાન જોખમી બની શકે છે.
- આઉટડોર/ઈન્ડોર ભીડવાળી પરિસ્થિતિઓમાં પણ તીવ્ર ગરમી-સંબંધિત બિમારીઓ (HRI)નું જોખમ વધે છે.
- શારીરિક શ્રમ, સીધો સૂર્યપ્રકાશ, ભીડ, અને પાણી, ખોરાક અને છાંયો માટે મુશ્કેલ પરિસ્થિતિમાં આરોગ્ય બગડી શકે છે.
- ખેલાડીઓ/લાભાર્થીઓએ હાઈડ્રેટેડ રહેવું, ઠંડું રહેવું , HRI ચિહનો, લક્ષણોથી વાકેફ રહેવું જોઈએ અને જરૂર પડયે તબીબી સંભાળ લેવી જોઈએ.

મેળાઓ/રમત ગમત દરમ્યાન આટલું ધ્યાન રાખો -

- આઉટડોર/ઈન્ડોર ભીડવાળી પરિસ્થિતિઓમાં પણ તીવ્ર ગરમી-સંબંધિત બિમારીઓ (HRI)નું જોખમ વધે છે.
- શારીરિક શ્રમ, સીધો સૂર્યપ્રકાશ, ભીડ, અને પાણી, ખોરાક અને છાંયો માટે મુશ્કેલ પરિસ્થિતિમાં આરોગ્ય બગડી શકે છે.
- ખેલાડીઓ/લાભાર્થીઓએ હાઈડ્રેટેડ રહેવું, ઠંડું રહેવું , HRI ચિહનો, લક્ષણોથી વાકેફ રહેવું જોઈએ અને જરૂર પડયે તબીબી સંભાળ લેવી જોઈએ.

કર્મચારીઓ અને કામદારોએ આટલું ધ્યાન રાખવું -

